સુવિચાર

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




સોશ્યિલ મીડિયા ઈન્ફલુએન્સરને ત્રાસ આપી મારી નાખવાની ધમકી આપનાર નામચીન શખ્સ ઝડપાયો P-4

Year-16, Issue-114 ■ DATE : 22-08-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નસબંધી-રસીકરણ બાદ પકડાયેલા શ્વાનોને છોડી મુકવા સુપ્રિમનો આદેશ

**માત્ર બિમાર અને આક્રમક કૂતરાઓને શેલ્ટર હોમમાં રાખવામાં આવશેઃ શ્વાન માટે હવે ગમે ત્યાં ભોજન મૂકી શકાશે નહીંઃ દરેક વોર્ડમાં ભોજન માટે ફિડિંગ ઝોન બનાવવામાં આવશે**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીમાં રખડતાં કૂતરાઓને શેલ્ટર હોમમાં પૂરવાના આદેશનો સખત વિરોધ થયાં બાદ અંતે સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં ફેરફાર કર્યો છે. સુપ્રીમ કોર્ટે શેલ્ટર હોમમાં મોકલવામાં આવેલા કૂતરાઓને છોડવાનો આદેશ આપ્યો છે. માત્ર બીમાર અને આક્રમક કૂતરાઓને જ શેલ્ટર હોમમાં રાખવામાં આવશે. તેમજ ખસીકરણ કરીને કૂતરાઓને છોડી મૂકવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, રખડતાં કૂતરાઓને શેલ્ટર હોમમાં રાખવામાં આવશે નહીં. જે કૂતરાઓને શેલ્ટર હોમમાં મોકલવામાં આવ્યા છે તેમનુ ખસીકરણ કરી છોડી મૂકવામાં આવશે. માત્ર બીમાર અને આક્રમક કૂતરાઓને જ શેલ્ટર હોમમાં રાખવામાં આવશે.

જસ્ટિસ વિક્રમ નાથની આગેવાની હેઠળ ત્રણ જજોની બેન્ચે આ નિર્દેશ આપ્યો છે. તેમણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પણ આ નોટિસ જાહેર કરી છે. દરેક મ્યુનિસિપલ વિસ્તારમાં રખડતાં કૂતરાઓના ભોજન માટે અલગથી જગ્યા બનાવવામાં આવશે. તેમજ નિર્ધારિત સ્થળ પર જ કૂતરાઓને ભોજન આપી શકાશે. જાહેર સ્થળો પર ગમે-ત્યાં ભોજન મૂકી શકાશે નહીં. આમ કરનારા વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાશે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, કૂતરાઓને જ્યાંથી પણ ઉઠાવવામાં આવ્યા હોય, તે જ સ્થળે પાછા મૂકવામાં આવે. દરેક વોર્ડમાં કૂતરાઓના ભોજન માટે ફિડિંગ ઝોન બનાવવામાં આવશે. જાહેર સ્થળો પર કૂતરાઓને ખવડાવી શકાશે નહીં. નિયમનોનું ઉલ્લંઘન કરનારા વિરૂદ્ધ ફરિયાદ નોંધવા હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે. એનજીઓને ફિડિંગ ઝોન માટે રૂ. ૨૫૦૦૦નું ફંડ આપવામાં આવશે.

૧૧ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટની બે ન્યાયાધીશની બેન્ચે આદેશ આપ્યો હતો કે કૂતરા કરડવા અને હડકવાના કેસોને ધ્યાનમાં રાખીને દિલ્હી-એનસીઆરના રહેણાક વિસ્તારોમાંથી તમામ રખડતા કૂતરાઓને ૮ અઠવાડિયાંની અંદર દૂર કરવામાં આવે અને આશ્રયગૃહોમાં મોકલવામાં આવે. કોર્ટે આ કામમાં અવરોધ ઊભો કરનારી વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.




સુપ્રીમ કોર્ટના આ આદેશ સામે ભારે વિરોધ થયો હતો. આ પછી ૧૩ ઓગસ્ટના રોજ મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈએ કહ્યું હતું કે કોન્ફરન્સ ઓફ હ્યુમન રાઈટ્સ (ઈન્ડિયા) NGOની અરજી પર તેઓ આ મામલાની વ્યક્તિગત રીતે તપાસ કરશે. આ મામલો ૩ ન્યાયાધીશની ખાસ બેન્ચને સોંપવામાં આવ્યો હતો.

# મિલકતોના ખરીદ-વેચાણના રજિસ્ટ્રીની પ્રક્રિયા ટૂંક સમયમાં ઓનલાઈન કરાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં હાલ જમીન-મિલકતની ખરીદી કે વેચાણ બાદ સૌથી મહત્ત્વની બાબત તે, પ્રોપર્ટીની રજિસ્ટ્રી છે. આ કામ માટે બંને પાર્ટીઓએ રજિસ્ટ્રી કરાવવા માટે સબ રજિસ્ટ્રારની ઓફિસે રૂબરૂ જવું પડ છે. જેમાં સમય સાથે અન્ય અનેક પરેશાનીઓનો સામનો કરવો પડે છે. હવે જ્યારે ગુજરાત સરકાર ડિજિટલ ઈન્ડિયાને સથવારે તેની મોટાભાગના વિભાગોની સેવાઓને ઓનલાઈન કરી રહી છે ત્યારે ગુજરાત સરકાર આગામી દિવસોમાં પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન ઓનલાઈન કરવાની દિશામાં આગળ વધી રહી છે. જેના કારણે મિલકત ખરીદનાર કે વેચનાર પોતોના ઘર બેઠાં ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ માટે તેમને જરૂરી દસ્તાવેજો અને નિયત કરાયેલી ફી ઓનલાઈન જ ભરવી પડી શકે છે. આ બાબત અત્યારે તો વિચારણાને તબક્કે છે, આગામી દિવસોમાં આ અંગેનો નિર્ણય લેવાયા



બાદ તેનો સત્તાવાર હુકમ જારી કરાશે.

સૂત્રોની માહિતી અનુસાર હાલને તબક્કે આ સિસ્ટમ વૈકલ્પિક રહેશે. જો, તેમાં હકારાત્મક પ્રતિભાવ મળશે તો તેને ફરજિયાત કરાશે. ગુજરાતમાં હાલ ૫૮૨ જેટલી સબ રજિસ્ટ્રાર ઓફિસો છે પરંતુ તેમાં મુશ્કેલી એ છે કે, મોટાભાગની ઓફિસો પ્રમાણમાં નાની છે. પાર્કિંગ સહિતની અન્ય સુવિધાઓની અછત છે. પરિણામ સ્વરૂપ આ ઓફિસોમાં રોજે-રોજ ભારે ભીડ ઉમટે છે. જેમાં મિલકત ખરીદદારો અને બિલ્ડર્સ બંનેને પરેશાની થાય છે. આ કારણે સરકાર ઓનલાઈન રજિસ્ટ્રી સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય ટૂંકમાં જ લાગુ કરાય તેવી સંભાવના નકારી શકાતી નથી.

ઓનલાઈન રજિસ્ટ્રી કરવા મિલકતધારકો-ખરીદદારે દસ્તાવેજો અપલોડ કરવા પડશે

નવા મોડલમાં ખરીદદાર વેચાણ કરનાર અને બિલ્ડર્સે પોતાના દસ્તાવેજ ઓનલાઈન અપલોડ કરવા પડશે. સંબંધિત સબ રજિસ્ટ્રાર ઓફિસ આ ડોક્યુમેન્ટ્સની તપાસ કરીને મંજૂરી આપશે. આ માટે રજિસ્ટ્રેશન વિભાગ મોટા બિલ્ડર્સ અને ડેવલપર એસોસિએશનને ખાસ સોફ્ટવેર ઉપલબ્ધ કરાવશે. આ સિસ્ટમની શરૂઆત વર્ષના અંત સુધીમાં કરી દેવામાં આવશે એમ મનાય છે. આ પ્રકિયામાં આધાર આધારિત ઓથેન્ટિકેશન પણ જોડવામાં આવશે એટલે કે ફિંગર પ્રિન્ટ અને આઈરિસ વેરિફિશનની સુવિધા પણ શરૂ કરાશે. જોકે, ઓળખની આ રીતે પુષ્ટિ માટે બિલ્ડર્સને બાયોમેટ્રિક અને આઈરિસ સ્કેનર ખરીદવા પડી શકે છે.

# મેઘરાજા ઓગસ્ટના અંત સુધી કેડો નહીં મુકે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આજે હવામાન વિભાગે આગામી બે અઠવાડિયાની આગાહી મુજબ, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં વરસાદનું જોર હજું ઓછામાં ઓછું એક અઠવાડિયું ઘટવાની શક્યતા જણાતી નથી. પરંતુ, સોમવાર (૨૫ ઓગસ્ટ)થી રાજ્યમાં ભારે વરસાદનો નવો રાઉન્ડ શરૂ થઈ શકે છે.

હવામાન વિભાગ અનુસાર, આગામી અઠવાડિયામાં ત્રણ સિસ્ટમ સક્રિય થશે. જેમાં કચ્છ ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન, સમુદ્ર સપાટીએ ગુજરાત-મહારાષ્ટ્ર વચ્ચેના કાંઠા પર ઓફશોર ટ્રોફ, મોન્સૂન ટ્રોફ અને મધ્ય પ્રદેશ પર સાયક્લોનિક સર્ક્યુલેશનને ધ્યાને લઈને આગામી એક અઠવાડિયું રાજ્યના મોટાભાગના જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

નોંધનીય છે કે, ગુજરાતમાં ગઈકાલથી વરસાદનું જોર ઘટ્યું છે અને સૌરાષ્ટ્રમાં ઝાપટા વરસ્યા હતા. પરંતુ, હવે ફરી વરસાદની સિસ્ટમ સક્રિય થતા મેઘરાજા ધડબડાટી



બોલાવશે. દેશભરમાં અત્યાર સુધીમાં ૬૫ ટકા વિસ્તારમાં ચોમાસુ સામાન્ય રહ્યું છે, સરેરાશ ૬૨૭ સામે ૬૪૨ મિ.મિ.(૨૫.૫૦ ઈંચ) વરસાદ થયો છે, ગુજરાતમાં ૨ ટકા અને સૌરાષ્ટ્રમાં ૧૮ ટકા વધુ સહિત દેશના ૨૭ ટકા વિસ્તારમાં સામાન્યથી અધિક વરસાદ છે અને પૂર્વોત્તરના રાજ્યોમાં વરસાદમાં ૮ ટકાની ખાધ છે.

ચોમાસાને અસર કરતા પરિબળોમાં હાલ ન્યુટ્રલ અલ-નીનોની સ્થિતિ છે, જે ચોમાસુ પૂરું થયા બાદ લા નીના પ્રવાહમાં ફેરવાય તેવી શક્યતા છે. પ્રશાંત મહાસાગરના આ પ્રવાહની સામાન્ય અસર ભારત પર અલ નીનાથી વિપરિત એટલે કે વધુ વરસાદ અને વધુ ઠંડીનું કારણ બનતી હોય છે.

# ગણપતિની થીમ સાથે અમદાવાદમાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરાશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ અમદાવાદના નિકોલમાં ખોડલધામ ગ્રાઉન્ડમાં સાંજે ૪:૩૦ વાગ્યે ૫૪૭૭ કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગરના રેલવે, અર્બન ડેવલપમેન્ટ, રોડ ઇન બિલ્ડિંગ અને રેવન્યૂ સહિતના વિવિધ વિભાગોના કુલ ૨૨ જેટલા પ્રોજેક્ટોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થશે. સાબરમતીથી કટોસણ રોડ ટ્રેન અને કાર લોડેડ ટ્રેનને વડાપ્રધાન દ્વારા લીલી ઝંડી આપવામાં આવશે.

તો બીજી તરફ વડાપ્રધાન મોદી નિકોલમાં જાહેરસભાને સંબોધન કરવાના છે, જેને પગલે AMC અને શહેર ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નિકોલ વિસ્તારમાં મોદીની સભાને લઈને સમગ્ર નિકોલ વિસ્તારને લાઇટિંગથી શણગારવામાં આવ્યો છે. સ્વચ્છતાની થીમ, ગણેશની થીમ સહિત વગેરે થીમના બેનરો લગાવવામાં આવશે. આ ઉપરાંત મોદી એરપોર્ટથી ગાંધીનગર તરફ જાય ત્યારે એરપોર્ટ સર્કલથી લઈને ઇન્દિરાબ્રિજ સુધી અલગ અલગ ૧૨ જેટલાં સ્ટેજ બનાવાશે, જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

વડાપ્રધાન મોદી દ્વારા ૨,૮૦૧ કરોડના લોકાર્પણ અને ૨,૬૭૬ કરોડના ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં રેલવે પ્રોજેક્ટ અંતરગત મહેસાણાથી પાલનપુરની ૬૫ કિમીની રેલલાઈન ડબલિંગ અને બેચરાજીથી રણુજા સુધી ૪૦ કિમીની રેલલાઈનના ગેજ કન્વર્ઝેશનનું લોકાર્પણ કરવામાં આવશે. અમદાવાદથી રાજકોટ રેલવેલાઇન પર વિરમગામના સોકલી નજીક ૭૦ કરોડના રેલવે અંડરબ્રિજ બનાવવાની કામગીરીનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવશે. ચાંદખેડામાં ૬૬ કેવી સબ સ્ટેશનનું પણ લોકાર્પણ કરાશે.

અમદાવાદના શેલા, મણિપુર, ગોધાવી, સનાથલ અને તેલાવ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ અને ડ્રેનેજલાઈન નાખવાના ૧૧૦ કરોડનાં કામ, ચાંદખેડા અને નારણપુરામાં ૫૦ કરોડના ખર્ચે વોટર ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર બનાવવામાં આવશે, જેનું ખાતમુહૂર્ત થશે. ઔડા દ્વારા ૧,૫૦૦ કરોડથી વધુના ખર્ચે ઔડાના રોડને સિક્સલેન બનાવવામાં આવશે, જેની પણ કામગીરીનું ખાતમુહૂર્ત કરશે.

શહેરના વાડજના રામાપીર ટેકરા ખાતે ૧૩૩.૪૨ કરોડના ખર્ચે બનાવેલા ૧,૪૪૯ આવાસ તથા ૧૩૦ દુકાનનું લોકાર્પણ કરશે. સીજી રોડ અને લો ગાર્ડનની આસપાસનો ૬.૬ કિમીના વિસ્તારને ૧૦૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ કરાશે, જેમાં સ્કલ્પ્ચર, પ્લે ગાર્ડન એરિયા, ફૂટપાથ, પ્લેસ મેકિંગ સાથે બ્યૂટિફિકેશન કરવામાં આવશે. આ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત વડાપ્રધાન કરશે.

# એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ યોજાશેઃ સરકારની લીલીઝંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૯ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા એશિયા કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. ભારત સરકારે ગુરુવારે આ માટે પરવાનગી આપી દીધી છે. સરકારે કહ્યું - બહુરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સાથે રમવા પર કોઈ પ્રતિબંધ નથી. બંને દેશો વચ્ચે કોઈ દ્વિપક્ષીય શ્રેણી નહીં હોય.

નવી રમત નીતિમાં, ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે અમે પાકિસ્તાની ટીમ કે ખેલાડીઓને બહુ-રાષ્ટ્રીય કાર્યક્રમો માટે ભારત આવતા અટકાવીશું નહીં, પરંતુ તેમાં એવું કહેવામાં આવ્યું નથી કે ભારત આવી ઘટનાઓમાં ભાગ લેવા માટે પાકિસ્તાન જશે કે નહીં.

ભારતે આ વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજાયેલી ચેમ્પિયન્સ ટ્રોફી




માટે પાકિસ્તાન જવાનો ઇનકાર કર્યો હતો. આવી સ્થિતિમાં, યજમાન પાકિસ્તાનને ભારતની મેચો ઝઅઊમાં યોજવી પડી હતી અને ફાઈનલ દુબઈમાં રમાઈ હતી.

આંતરરાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય કાર્યક્રમોમાં (ભારતમાં હોય કે વિદેશમાં), ભારત આંતરરાષ્ટ્રીય રમત સંગઠનોના નિયમો અને તેના ખેલાડીઓના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેશે.

ભારતીય ટીમો અને ખેલાડીઓ કોમનવેલ્થ ગેમ્સ, ઓલિમ્પિક્સ, ક્રિકેટ, હોકી વર્લ્ડ કપ વગેરે જેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ્સમાં ભાગ લેશે જેમાં પાકિસ્તાની ટીમો અને ખેલાડીઓ રમશે. એવું જ છે કે પાકિસ્તાની ખેલાડીઓ પણ ભારતમાં યોજાનારી બહુરાષ્ટ્રીય ઈવેન્ટ્સમાં ભાગ લઈ શકશે.

ભારતને આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવા માટે પસંદગીનું સ્થળ બનાવવા માટે, રમતવીરો, અધિકારીઓ, ટેકનિકલ સ્ટાફ અને આંતરરાષ્ટ્રીય રમતગમત સંગઠનોના અધિકારીઓ માટે વિઝા પ્રક્રિયા સરળ બનાવવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય રમતગમત સંગઠનોના અધિકારીઓને તેમના કાર્યકાળ દરમિયાન (મહત્તમ ૫ વર્ષ સુધી) પ્રાથમિકતાના ધોરણે બહુવિધ-પ્રવેશ વિઝા પણ આપવામાં આવશે જેથી તેઓ દેશમાં મુક્તપણે ફરતા અને બહાર જઈ શકે.

# સંસદના મોનસુન સત્રમાં ૮૩ કલાકો હોબાળાના કારણે વેડફાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મોન્સૂન સત્રમાં લોકસભામાં જે સાંસદોએ ૧૨૦ કલાકો દેશના હીત માટે ચર્ચા કરવાની હતી ત્યાં માત્ર ૩૭ કલાકો જ કામ થયું છે અને ૮૩ કલાકો વ્યર્થ ગયા છે. એનો અર્થ એ થયો કે માત્ર ૩૧% જ કામ થયું છે. અને બાકી ૬૯% સમય મારી સત્તા - તારી સત્તા એમ કરીને માત્ર હોબાળો કરવામાં કાઢી નાખ્યો છે અને આવું જ કઈક રાજ્યસભામાં પણ થયું છે. જ્યાં ૧૨૦ કલાક કામના નામે માત્ર ૪૭ કલાક કામ કરીને સનદોએ તેમના હિતમાં દેખાવ પ્રદર્શન કરીને સામાન્ય નાગરિક કલ્યાણના ૭૩ કલાકો બરબાદ કર્યા છે એટલે કે માત્ર ૩૮% જેટલું જ કામ કર્યું.

દેશના દિગ્ગજ સમાજવાદી નેતા ડૉક્ટર રામ મનોહર લોહીયાએ કહ્યું હતું કે રસ્તાઓ જો શાંત રહેશે તો સંસદ આવારા થઈ જશે. ત્યારે એમનો કહેવાનો અર્થ એ હતો કે જો કોઈ પણ લોકતંત્રને ટકાવી રાખવા માટે જનતાએ પોતે જાગળત રહેવું પડશે. આ નારો યાદ કરાવીને અમે તમે સંસદના મોન્સૂન સત્રના છેલ્લા દિવસોનો એ હિસાબ યાદ કરાવવા માંગીએ છીએ જે જણાવે છે કે જ્યાં લોકસભામાં ૧૨૦ કલાક કામ થવાનું હતી ત્યાં માત્ર ૩૭ કલાક જ કામ થયું છે.

મોન્સૂન સત્રમાં લોકસભામાં જે સાંસદોએ દેશના હિતમાં ૧૨૦ કલાક ચર્ચા કરવાની હતી તેમણે ફક્ત ૩૭ કલાક કામ કર્યું. ૮૩ કલાક વેડફાયા. એટલે કે ૩૧% કામ થયું. બાકી સમય રાજકારણના નામે હોબાળો કરીને ૬૯% સમય વેડફયો અને રાજ્યસભામાં પણ એવું જ થયું. જ્યાં ૧૨૦ કલાક કામના નામે ૪૭ કલાક કામ કર્યા પછી સાંસદોએ પોતાના હિતમાં કરેલ હોબાળામાં ૭૩ કલાક રાષ્ટ્રીય હિતમાં વેડફાયા. એટલે કે ૩૮% કામ થયું. ૬૨% સમય જનતા માટે બિલકુલ વાપર્યો નહીં.

જે સાંસદોએ જાગૃતિ લાવવાની હતી તેમણે મોન્સૂન સત્રમાં શું કર્યું? આ વાત સાંભળીને આર્ય થશે કે લોકસભામાં ૮૩ કલાક સુધી કોઈ કામ થયું નહીં. એટલે કે જનતાના ૧૨૪ કરોડ ૫૦ લાખ રૂપિયા વેડફાયા. રાજ્યસભામાં ૭૩ કલાક વેડફાયા એટલે ૮૦ કરોડ રૂપિયા. એટલે કે બંને ગળહોમાં મળીને કુલ ૨૦૪ કરોડ ૫૦ લાખ રૂપિયા વેડફાયા.

જ્યારે દેશે તેનો ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો હતો તે દિવસે પણ મોન્સૂન સત્ર દરમિયાન સંસદ ૭૯ કલાક પણ ચાલી ન હતી અને જો તમે તેના ચાલવાની રીતનો હિસાબ જાણશો તો તમને લાગશે કે આ જ કારણસર સાંસદો ચૂંટાય છે. ૨૪ જુલાઈએ લોકસભા ૧૨ મિનિટ ચાલી. ૧ ઓગસ્ટે લોકસભા ૧૨ મિનિટ ચાલી. ૨૩ જુલાઈએ લોકસભા ૧૮ મિનિટ ચાલી. ૪ ઓગસ્ટે લોકસભા ૨૪ મિનિટમાં મુલતવી રાખવી પડી. ૨૧ દિવસમાં ૫ દિવસ લોકસભા ફક્ત ૧ કલાક કે તેથી વધુ સમય માટે ચાલી. જ્યાં સાંસદો એક કલાક બેસીને કામ કરી શકતા નથી. જનતા તેમને ૫-૫ વર્ષની જવાબદારી આપીને મોકલે છે.

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.૬૩.૨૧ કરોડના વિકાસકામોને મંજૂરી

**આર્ટ ગેલેરીનું ભાડું ઘટાડાયુંઃ મનપાના ફાયર વિભાગ માટે ૯.૨૦ કરોડના ખર્ચે આઠ રેસ્કયુ વાહન ખરીદાશેઃ વોર્ડ નં.૪માં ૪ કરોડના ખર્ચે બનશે નવો પાર્ટી પ્લોટ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં ૬૩.૨૧ કરોડના વિકાસકામોને જયમીન ઠાકરની અધ્યક્ષતાવાળી સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી હતી. આજે મળેલી બેઠકમાં કલાકારોની માંગણીને ધ્યાનમાં લઇ શ્યામપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરીના ભાડાના દર ઘટાડવામાં આવ્યા છે. સાથે વોર્ડ નં.૪માં ૪ કરોડના ખર્ચે નવા પાર્ટી પ્લોટ બનાવવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી છે. આજે મળેલી બેઠકમાં કુલ ૫૨ દરખાસ્તો સ્ટેન્ડિંગ સમક્ષ મુકવામાં આવી હતી જેમાંથી કુલ ૪ દરખાસ્ત પેન્ડિંગ



રાખવામાં આવી છે. જયારે અન્ય દરખાસ્તો પર મંજૂરીની મહોર મારવામાં આવી હતી.

ઇસ્કોન મંદિરથી નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ફન બ્લાસટ સુધી લાઈટીંગની કામગીરી પાછળ ૨૨.૫૧ લાખ ખર્ચાશે. જયારે ફાયર શાખા માટે ૮ નવા રેસ્કયુ વાહન ખરીદવા પાછળ ૯.૨૦ લાખનો ખચૃ મંજૂર કરાયો છે. ત્રણેય ઝોનમાં ચોમાસા દરમ્યાન પેચર મશીનથી પોટ હોલ્સ રીપેરીંગ કરવાના કામ પાછળ ૨.૫૩ કરોડનો ખર્ચ જે મંજૂર કરાયો હતો. આ સિવાય ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં ત્રણ સર્કલ નવા પીપીપી ધોરણે ડેવલોપ કરી તેની પાછળ મનપાને ૮૮.૫૨ લાખની આવક થશે. તેમજ સ્કેપ વેચાણ પાછળ ૧૯.૮૧ લાખ રૂપિયા મળશે.

મુખ્યમંત્રી ગ્રીન રોડ સ્કીમ અંતર્ગત સિવિલ વર્ગ તથા ગાર્ડનીંગના કામ માટે રૂ.૧૨૦ કરોડની ગ્રાન્ટ સરકાર પાસે માંગવાની દરખાસ્તને પણ મંજૂરી અપાઇ છે. આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સભ્યો અને મનપાના શાખા અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## સેક્રેટરી બ્રાન્ચના અધિકારી હરીશ રૂપારેલીયાને કમિશનર બ્રાન્ચમાં મુકાયા

છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટ મનપાની સેક્રેટરી વિભાગમાં ફરજ બજાવતા અધિકારી હરીશ રૂપારેલીયાને કમિશનર બ્રાન્ચમાં મુકવાની સ્પેશીયલ દરખાસ્તને તાત્કાલીક અસરથી મંજૂરી આપવામાં આવી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ગઇકાલે મનપામાં ડેપ્યુટી મ્યુ. કમિશનરની પોસ્ટ ભરવા દરખાસ્ત કરાઇ છે. જેના અનુસંધાને હરીશ રૂપારેલીયા સમકક્ષ અધિકારીઓએ તેમણે કમિશનરના તાબા હેઠળની બ્રાન્ચમાં મુકવામાં આવ્યા છે.

# કોકિલાબેન અંબાણીની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરાયા

**મુખ્ય સમાચાર, મુંબઇ**

રિલાયન્સ સમૂહના સ્થાપક ધીરુભાઈ અંબાણીના પત્ની કોકિલાબેન અંબાણીની અચાનક તબિયત બગડતા તેમને એચ.એન.રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જયાં તેમની સારવાર ચાલી રહી છે. તેમની તબિયતને લઈને પુરો અંબાણી પરિવાર ચિંતિત બન્યો છે અને મુંબઈ પહોંચ્યો છે, બધા કલિની એરપોર્ટ પર જોવા મળ્યા હતા.

જયાં અનિલ અંબાણી અને તેમના પત્ની ટીના અંબાણી પણ ચિંતીત જોવા મળ્યા હતા. મુકેશ અને અનિલે માની સ્થિતિને જોઈને



તબીબોની સલાહ મુજબ પગલા ઉઠાવ્યા છે. તબીબી ટીમ દ્વારા જરૂરી તપાસ પર તેમના સ્વાસ્થ્ય પર તબીબી ટીમ દ્વારા વોચ રાખવામાં આવી રહી છે.

પ્રારંભીક તપાસમાં કેટલુંક અસ્થાયી શારીરિક અસંતુલન અને હળવી નબળાઈ જોવા મળી છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ મુકેશ અંબાણી પોતાની કારમાં હોસ્પિટલ પાસે જોવા મળ્યા હતા. પુરો પરિવાર મુંબઈ આવી માતાની સારસંભાળમાં લાગી ગયો છે.

કોકિલાબેન અંબાણીની વય ૯૧ વર્ષની છે. વધુમાં જાણવા મળતી વિગત મુજબ હોસ્પિટલની ટીમ સતત તેમની તબીયત પર નજર રાખી રહી છે. પરિવારના સભ્યોએ હાલમાં આ બારામાં કોઈ જાણકારી નથી આપી કે નથી કોઈ સ્ટેટમેન્ટ જાહેર કર્યું. પરંતુ પરિવારના નજીકના લોકોએ જણાવ્યું છે કે તેમની સારી રીતે સારસંભાળ થઈ રહી છે.

# જામનગરમાં જુગારના છ દરોડામાં બત્રીસ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને તાલુકામાં પોલીસે જુગાર અંગેના અલગ અલગ છ સ્થળોએ દરોડા પાડ્યા હતા અને કુલ નવ મહિલા સહિત બત્રીસને રૂ.૪૬૯૬૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.જામનગરના સાધના કોલોની વિસ્તારમાં જાહેરમાં ગંજીપાનાથી જુગાર રમી રહેલા પૃથ્વીરાજસિંહ ગુલાબસિંહ વાઢેર, વિકીભાઈ જેઠાભાઈ વસંતાણી, રાકેશ ચમનભાઈ નડીયાધરા, દક્ષાબેન દિલીપભાઈ ખીરસરીયા, શિતલબા કાળુભા પીંગળને રૂ.૧૧૮૪૦ની રોકડ રકમ સાથે પોલીસે ઝડપી પાડ્યા હતા.જામનગરના રણજીતસાગર માર્ગે સુભાષ પાર્ક શેરી નં.પમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા વીરમભાઈ લખમણભાઈ કંટારીયા, અરવિંદભાઈ ભીખાભાઈ પરમાર, માધાભાઈ અરજણભાઈ પરમાર, હંસાબેન ધીરજલાલ સોલંકી, મુળીબેન વસરામભાઈ જેપાર, ચંપાબેન કારાભાઈ જેપાર, શિલ્પાબેન અરવિંદભાઈ પરમાર, કીર્તિબેન લખમણભાઈ પરમાર, ધનવંતરીબેન કાનાભાઈ રાઠોડને રૂ.૪૯૧૦ની રોકડ સાથે પોલીસે પકડી લીધા હતા.જામનગરમાં વામ્બે આવાસ માર્ગે જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા જીવાભાઈ માલશીભાઈ ગોરણીયા, નીતિનભાઈ નથુભાઈ પરમાર, અજય મુળજીભાઈ મકવાણા અને ખીમજીભાઈ હીરાભાઈ માતંગને રૂ.૧૦૧૦૦ની રોકડ સાથે પોલીસે પકડી પાડ્યા હતા.જામનગરના રામનગર શેરી નં.૬માં જાહેરમાં ગંજીપાનાથી પૈસાની હારજીતનો જુગાર રમતા ટમુભા બચુભા પરમાર, ચમનભાઈ ધરમશીભાઈ પરમાર, જીતેશભાઈ કાળુભાઈ સવાસરીયા, રવિભાઈ અમુભાઈ સોલંકી, બિપીનભાઈ અમુભાઈ સોલંકી, રાજેન્દ્રસિંહ સુખુભા ગોહિલ, નરેશભાઈ બાબુભાઈ સોલંકી અને સુનિલ જયંતિલાલ ભદ્રાને રૂ.૧૦૪૦૦ની રોકડ સાથે પોલીસે પકડી લીધા હતા.જામનગર તાલુકાના ખીમલીયા ગામ પાસેના અવસર પાર્ટી પ્લોટ નજીક જાહેરમાં રોનપોલીસનો જુગાર રમતા ઘોઘો બાબુભાઈ ઝીંઝુવાડીયા, કિશન દેવાભાઈ વાઘેલા, વિજય જગદીશભાઈ ઝીંઝુવાડીયા, રોહિત જગદીશભાઈ ઝીંઝુવાડીયાને રૂ.૬૨૦૦ની રોકડ સાથે પોલીસે દબોચી લીધા હતા.

જામનગર શહેરના કાલાવડ નાકા બહાર મોટા પીર ચોકમાં જાહેરમાં ઘોડીપાસા ફેંકી જુગાર રમી રહેલા નવાઝ ઉર્ફે ટકો ઈકબાલભાઈ બકાલી અને મજીદ ઉર્ફે મજલો હસનભાઈ દરજાદાને રૂ.૩૫૧૦ની રોકડ સાથે પોલીસે ઝડપી લીધા હતા.

# ઉનાના સનખડાથી ખત્રીવાડા રોડ પર પાણી ભરાઈ જતા લોકોને પડતી મુશ્કેલી




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉનાના સનખડા ગામ ના પાદરમાં થી પસાર થતો રસ્તો છે જે રોડ પર નદીની જેમ પાણી વહેતું હોય છે. અને દર વર્ષે આ રોડ ખત્રીવાડા અને સનખડા ગામ ના લોકો અને વિદ્યાર્થીઓ અને એમ્બ્યુલન્સ સેવા પણ બંધ થઈ જાય છે.

જેથી બંને ગામના લોકોના હિત માટે રોડ સલામતિ વ્યવસ્થા કરવામાં આવે એવી સનખડા અને ખત્રીવાડા બને ગામના લોકો ની લાગણી અને માંગણી છે.

તાલુકા પંચાયત ઊના તાલુકાના ઊપ પ્રમુખ ના પ્રતિનિધિ ગોહિલ હનુભા એમ સનખડા અને ખત્રીવાડા ગામના સરપંચ શ્રી જીતેન્દ્રભાઈ કે શિયાળાની બને ગામ ના લોકો વતી માંગણી છે.

# ઉનાના ભાચા ગામે આંગણવાડી જર્જરિત, બાળકોનું ભોજન અને ભણતર એક જ રૂમમાં

## આંગણવાડી કાર્યકર બહેનો અને બાળકોના જીવ જોખમમાં



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ભાચા ગામે આવેલ આંગણવાડી ત્રણ નંબર વોર્ડમાં આવેલ માં સ્લેપ માંથી પોપડા પડતા બાળકોનો જીવ જોખમમાં મૂકીને બાળકોના વાલીઓ પોતપોતાના વહાલા સોયા બાળકોને આંગણવાડી મૂકી જાય છે પરંતુ સ્લેપ માંથી ચોપડા પડતા વરસાદનું પાણી આંગણવાડી મા પડતું હોવાથી બાળકો પોતાનું જીવ જોખમમાં મુકી આંગણવાડીએ જાઈ છે તેમજ બાળકોને ખવડાવવાનું અનાજ પણ પલળી ગયેલ છે આંગણવાડી ના સંચાલકો કુંભકર્ણની નિંદ્રામાં સુતા હોય તેમ આંખ આડા કાન કરતાં હોવાથી ભવિષ્યમાં કોઈ મોટી દુરઘટના થાય તો તેનો જવાબદાર કોણ તાત્કાલિક જર્જરીત આંગણવાડીનું રીનોવેશન કરવામાં નહીં આવે તો બાળકોના વાલીઓ પોતાના બાળકોને આંગણવાડીએ જવા દેશે કે નહીં

# જામનગર સહીત રાજ્યના ૨૯ જિલ્લા મથકોએ યોજાશે ગણેશ પંડાલ પ્રતિયોગીતા

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર જિલ્લા કલેકટર કેતન ઠક્કર અને મ્યુનિસિપલ કમિશ્નર ડી.એન.મોદીની અધ્યક્ષતામાં ‘‘ગણેશચતુર્થી’’ તથા ‘‘નેશનલ સ્પોર્ટ્સ ડે’’ ને અનુલક્ષીને મ્યુનિસિપલ કોર્પોરેશનના કોન્ફરન્સ હોલમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.મ્યુનિસિપલ કમીશ્નરે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ગણેશચતુર્થીના તહેવારને અનુલક્ષીને તેમજ રાજ્યના સાંસ્કૃતિક વારસાનું જતન થાય અને પરંપરાગત લોકસંસ્કૃતિનો કલા વારસો લોકો સુધી પહોચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ગણેશ પંડાલ પ્રતિયોગીતા-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સિવાયનાં જામનગર સહીત ૨૯ જિલ્લા મથક ખાતે ગણપતિ ઉત્સવ દરમ્યાન શહેરમાં બનાવવામાં આવતા વિવિધ ગણેશ પંડાલમાંથી બેસ્ટ ઓફ થ્રી તેમજ ૫(પાંચ) આશ્વાસન પુરસ્કારોની પસંદગી કરી તેઓને રાજ્ય સરકાર દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવશે. રાજ્યનાં ૨૯ જિલ્લાઓમાંથી પસંદગી પામેલ પંડાલોમાંથી ૧ થી ૩ ક્રમે આવેલ ગણેશ પંડાલનાં વિજેતાઓને ગુજરાત સરકાર તરફથી પ્રથમ ક્રમે વિજેતાને રૂ.૫લાખ, દ્વિતીય ક્રમે વિજેતાને રૂ.૩લાખ, તૃતીય ક્રમે વિજેતાને રૂ.૧લાખ ૫૦ હજાર રોકડ પુરસ્કાર આપવામાં આવશે. તેમજ અન્ય પાંચ ગણેશ પંડાલને પ્રોત્સાહન પેટે દરેકને રૂ.૧લાખ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.શ્રેષ્ઠ ગણેશ પંડાલ પ્રતિયોગીતામાં ભાગ લેવા ઈચ્છુક જામનગરના લોકોએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જિલ્લા સેવા સદન-૪, પ્રથમ માળે, રૂમ નં.૪૨, જામનગર ખાતેથી ફોર્મ મેળવી તા.૨૮/૦૮/૨૦૨૫ બપોરે ૧૨૦૦ કલાક સુધીમાં પરત કરવાના રહેશે.આ ઉપરાંત જામનગર મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા.૨૭-૮-૨૦૨૫ થી તા.૭-૯-૨૦૨૫ સુધી શ્રી ગણેશજીની મૂર્તિઓના વિસર્જન માટે કૃત્રિમ વિસર્જન કુંડ બનાવવામાં આવ્યા છે. જેમાં શહેરના પ્લોટ નં.૯૮, હોટલ વિશાલ ઈન્ટરનેશનલ પાછળ તથા સરદાર રિવેરા, રણજીતસાગર રોડ લાલપુર બાયપાસ પાસે કૃત્રિમ વિસર્જન કુંડ બનાવવામાં આવશે. લોકોએ આ વિસર્જન કુંડમાં જ મૂર્તિઓ વિસર્જિત કરવા તથા માત્ર ઈકોફ્રેન્ડલી જ મૂર્તિઓની પૂજા કરવા કમિશ્નરશ્રી દ્વારા અપીલ કરવામાં આવી હતી. ૨૯ ઓગસ્ટ નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉજવણી અંતગર્ત જામનગરમાં આયોજિત કાર્યક્રમો અંગે કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે, જામનગરમાં તા.૨૯ થી તા.૩૧ ત્રણ દિવસ દરમિયાન વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૨૯ ના રોજ શાળા કક્ષાએ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવશે. તા.૩૦ ઓગસ્ટના રોજ જામનગર જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા અલગ-અલગ કચેરીઓની ક્રિકેટ સ્પર્ધાનું આયોજન જિલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને પોલીસ હેડ ક્વાર્ટર, ક્રિકેટ ગ્રાઉન્ડ જામનગર ખાતે કરવામાં આવ્યું છે. તથા તા.૩૧ ઓગસ્ટના રોજ જામનગર શહેરમાં સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.કલેકટર કેતન ઠક્કરે ગણેશ પંડાલ પ્રતિયોગીતામાં ભાગ લેવા અને ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓની પૂજા કરવા તથા તા.૨૯ ઓગસ્ટ નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉજવણી અંતગર્ત જામનગરમાં આયોજિત સાયક્લોથોનમાં સહભાગી થવા જામનગરવાસીઓને અપીલ કરી હતી.આ પત્રકાર પરિષદમાં જામનગર જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર બી.એન ખેર, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર ઝાલા તથા પ્રેસ મીડિયાના પ્રતીનીધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના ભાચામાં બે બચ્ચાં સાથે દીપડો પાંજરામાં કેદ

## બાળકના મોત બાદ વન વિભાગની કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના ભાચા ગામમાં વન વિભાગે દીપડાના પરિવારને સફળતાપૂર્વક પકડી પાડ્યો છે. આ વિસ્તારમાં ૧૫ દિવસ પહેલા ખોડિયાર મંદિર સામે દીપડાએ ૨ વર્ષના બાળક પર હુમલો કરી તેનું મોત નિપજાવ્યું હતું. જસાધાર વન વિભાગને દીપડો ફરી દેખાયાની જાણ થતાં આર.એફ.ઓ. એલ.બી. ભરવાડના માર્ગદર્શન હેઠળની ટીમે કાર્યવાહી શરૂ કરી. ફોરેસ્ટર વી.આર. ચાવડા, ગાર્ડ જોગણીભાઈ અને ટ્રેકર જીતુભાઈ ચાવડાની ટીમે ખોડિયાર મંદિરથી એક કિલોમીટર દૂર ધીરુભાઈ ચાંદોરાની વાડીમાં ત્રણ દિવસ પહેલા બે પાંજરા ગોઠવ્યા હતા. સર્વ જીવ વન પર્યાવરણ ટ્રસ્ટના પ્રમુખ અબ્બાસભાઈ બ્લોચની ટીમ પણ દીપડાનું પગેરું શોધવામાં મદદરૂપ થઈ.

રાત્રે આઠ વાગ્યે એક પાંજરામાં એક નર અને એક માદા બચ્ચા પકડાયા. એક કલાક બાદ માદા દીપડો પણ પાંજરામાં પકડાયો. વન વિભાગે દીપડાના પરિવારને જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો છે. વિભાગે લોકોને અપીલ કરી છે કે આ વિસ્તારમાં દીપડાના કોઈપણ નિશાન મળે અથવા તો જોવા પણ મળે તો તાત્કાલિક વન વિભાગ ને જાણ કરવી. તેમજ ઝૂંપડપટ્ટી વિસ્તાર માં લોકો જમ્યા બાદ તેમના ઝૂંપડા ની આસપાસ સફાઈ પણ રાખે કેમકે દીપડો વધેલો ખોરાક ઘર નજીક ફેંકવાથી દીપડો આવી પહોંચતો હોય છે તેથી લોકો એ પણ સતર્કતા રાખવી જરૂરી છે

# જામનગર મનપા સ્ટેન્ડીંગ કમિટીમાં રૂપિયા ૧૨.૪૫ લાખના વિકાસ કામોના ખર્ચને બહાલી અપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની આ બેઠક ગઈકાલે સાંજે ચેરમેનના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ રૂ. ૧૨.૪૫ લાખના વિકાસ કામના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેના અધ્યક્ષ સ્થાને મળી હતી.

જેમાં કુલ ૮ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. કમિશનર ડી.એન.મોદી, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા,સિટી એન્જીનિયર ભાવેશભાઈ જાની, ઈચા. આસી. કમિશનર (વ.) મુકેશ વરણવા, ઈચા. આસી. કમિશનર જીજ્ઞેશ નિર્મલ વગેરે હાજર રહ્યા હતા.શરૂઆતમાં શ્રાવણી મેળો-૨૦૨૫ના સારા આયોજન બદલ કમિશનર, ડે. કમિશનર, સિટી એન્જીનિયર તેમજ મનપાની સમગ્ર ટીમ, કલેક્ટર, એસ.પી. તેમજ પોલીસ ડીપાર્ટમેન્ટના જવાનો, પીજીવીસીએલ વિભાગનો આભાર માનવામાં આવ્યો હતો.વર્ષે ૨૦૨૫-૨૬ દરમ્યાન સિવિલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૫,૯,૧૩ અને ૧૪માં સ્ટ્રેન્ટનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ.ના કામ અંગે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂ. ૭.૫૦ લાખના ખર્ચ, સિવિલ સેન્ટ્રલ ઝોન વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪.માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસના કામે અન્વયે રૂ. ૪.૯૫૫ લાખના ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી.જામ રણજીતસિંહજી પાર્ક ફૂડ શોપ-ઝોન આઉટ લેટ નં. ૧ને ૫ને પાંચ વર્ષ માટે ઓપરેટીંગ લીઝ આપવાના કામ અંગે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે વાર્ષિક રૂ. ૩૩૫૦૦ લેખે લીઝ પર આપવાનું મંજુર કરવામાં આવ્યું હતું. આમ સ્ટેન્ડિંગ કમિટીમાં રૂ. ૧૨.૪૫ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

# જામનગરના જાંબુડા પાસેથી ઈકો કારના સ્પેર વ્હીલમાંથી ૫૪ બોટલ મળી, બે શખ્સની ધરપકડ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલસીબી પોલીસે જાંબુડા ગામના પાટિયા પાસેથી વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને પકડી પાડ્યા છે. પોલીસે ઈકો કારમાંથી વિદેશી દારૂની ૫૪ બોટલ જપ્ત કરી છે. પકડાયેલા આરોપીઓમાં લક્ષ્મણભાઈ કન્છીયાભાઈ રાવત અને રણજીતભાઈ ગીલુભાઈ કલેસનો સમાવેશ થાય છે. બંને હાલ રાજકોટના પડધરી તાલુકાના ખાખરાબેલા ખાતે રહે છે. પોલીસે આરોપીઓ પાસેથી એમપી ૬૯ ઝેડસી ૮૪૫૯ નંબરની ઈકો કાર, બે મોબાઈલ ફોન અને દારૂની બોટલો મળી કુલ રૂ. ૩.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.એલસીબી સ્ટાફને મળેલી બાતમીના આધારે કારની તપાસ કરતા સ્પેર વ્હીલ અને કારના અન્ય ખાના માંથી દારૂની બોટલો મળી આવી હતી. આરોપીઓની પૂછપરછમાં ખુલ્યું કે આ દારૂનો જથ્થો મધ્યપ્રદેશના અલીરાજપુરથી લાવવામાં આવ્યો હતો અને અલીયાબાડાના કોઈ વ્યક્તિને પહોંચાડવાનો હતો. જિલ્લા પોલીસ અધીક્ષક ડૉ. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ વી.એમ. લગારીયા અને પી.એન. મોરીની ટીમે આ કામગીરી અંજામ આપી છે. પોલીસે આ કેસમાં સંડોવાયેલા અન્ય આરોપીઓને પકડવાની કાર્યવાહી શરૂ કરી છે.

# જામનગરના નવનિયુક્ત એસપી સૈનીએ ચાર્જ સંભાળ્યો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના નવનિયુક્ત એસ.પી. રવિમોહન સૈનીએ વિધિવત્ રીતે પોતાનો પદભાર સંભાળ્યો હતો. તેમનું પોલીસ વિભાગ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયું હતું. વિદાઈ લઈ સુરેન્દ્રનગર જનારા એસ.પી. પ્રેમસુખ ડેલુએ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છા પાઠવી હતી.

# જેતપુરની ઘરફોડ ચોરીમાં કુખ્યાત ચીખલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

**મુખ્ય સમાચાર, જેતપુર**



ઘરફોડ ચોરીમાં કુખ્યાત ચીખલીગર ગેંગના સાગરીતને જેતપુરથી પોલીસે ઝડપી પાડી કાર્યવાહી કરી હતી. આરોપી જેતપુરમાં ચોરીને અંજામ આપી ફરાર થઈ ગયો હતો.

અલગ અલગ ગુનાઓમાં નાસતા ફરતા તથા પકડવાના બાકી આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય જે અંગે જેતપુર સીટી પોલીસ સર્વેલન્સ ટીમ નાસતા ફરતા તથા પકડવા પર બાકી હોય તેવા આરોપીઓને પકડવા મળેલ હકીકત આધારે જેતપુર સીટી પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં પકડવા પર બાકી ચીકલીગર ગેંગના સભ્ય આરોપી મનજીતસીંગ ધરમસિંગ જુણી, જાતે. શીખ(ચીખલીગર), ઉ.વ.૩૮, હાલ રહે.દાંતીવાડા, તુક્તીનગર, અલગ પોલીસ મથકમાં ગુના નોંધાયેલ છે. તા.દાંતીવાડા જી.બનાસકાઠા, મુળ-રહે.ખેરાલુ, જી.મહેરાણા વાળાને જેતપુર તત્કાલ ચોકડી પાસેથી ઝડપી લીધો હતો.

# સુરેન્દ્રનગરના રતનપરમાં યુવાન પર ફાયરીંગ કરનાર પાંચ શખ્સ ઝડપાયા

## જુના ઝઘડામાં ખેલ ખેલ્યો, ગાડી, પિસ્તોલ સહીતના હથીયારો કબજે કરાયા

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જિલ્લામાં મારામારી અને ફાયરિંગ હત્યા જેવી ઘટનાઓ સામાન્ય બાબત બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે ગુનેગારોમાં પોલીસનો ડર ન હોય તે પ્રકારના બનાવો સુરેન્દ્રનગર શહેરી વિસ્તારોમાં બની રહ્યા છે.

ત્યારે સુરેન્દ્રનગરના રતનપર વિસ્તારમાં આવેલા સુધારા પ્લોટમાં અંગત અદાવતમાં ફાયરિંગની ઘટના બની છે જેમાં ઈસમો સ્કોર્પિયો કાર્ડ લઈ સુરેન્દ્રનગર આવ્યા ચાર જેટલા ઈસમો સ્કોર્પિયો કાર લઈ સુરેન્દ્રનગર આવ્યા હતા અને ત્યારબાદ સુરેન્દ્રનગર સુધારા પ્લોટ વિસ્તારના યુવકને સાથે બેસાડી અને ત્યારબાદ ફાયરિંગની ઘટના અને માર-ામારીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.ઘટનામાં ઈમ્તિયાઝ માલાણી નામના યુવકને ગોળી વાગતા ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે અંદાજિત ત્રણ રાઉન્ડ જેટલા ફાયરિંગ કરવામાં આવ્યા છે ત્યારે ફારૂક ભટ્ટી ઈરફાન ભટ્ટી અને ભટ્ટી અને રમજાન ભટ્ટી અને એક કાયદાના સંઘર્ષમાં આવેલા બાળક દ્વારા ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે.. અંગત અદાવતમાં અને જૂના ઝઘડાના કારણે ફાયરિંગ કરવામાં આવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે જોરાવનગર પોલીસ દ્વારા ફાયરિંગ કરનારા પાંચ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફારુક ભટ્ટી પોતે થાનમાં નામચીન બુટલેગર હોય અને અન્ય ગુનાહિત ઈતિહાસમાં પણ સામેલ હોવાનું તપાસમાં ખુલ્યું છે હાલની પરિસ્થિતિમાં ઈજાગ્રસ્ત યુવકને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે રાખવામાં આવ્યો હતો. ગુનામાં વપરાયેલી સ્કોર્પિયો કાર પણ જપ્ત કરવામાં આવી છે આ ઉપરાંત ઉહથિયારોમાં પિસ્તોલ તેમજ દેશી કટ્ટુ છરી જેવા ઘાતક હથિયાર પણ જમ કરવામાં આવ્યા છે અને ઝડપાયેલા તમામ ઈસમોની કડક પૂછપરછ જોરાવનગર પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે

# ચોટીલાના ખાટડી ગામમાં ખેતરમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી પર એસ. એમ. સી.ની ટીમ ત્રાટકી

## ૨૫૧૫ લીટર દારૂ સહિત રૂ. ૨૪ લાખનો મુદામાલ જપ્ત કરાયો



**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ખાટડી ગામ ખાતે રાત્રિના એસએમસી દ્વારા દારૂની ભઠ્ઠી ઉપર બરોડા પાડવામાં આવ્યા છે અને ચોટીલા પોલીસ ફરીવાર ઊંઘતી ઝડપાઈ હોવાનું સામે આવ્યું છે અને એસએમસીના દરોડા બાદ ચોટીલા પોલીસ સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું હાલમાં લોકોમાં જાણવા મળી રહ્યું છે.ત્યારે એસએમસીના પીએસઆઇ જે એચ સિસોદિયા અને તેમની ટીમ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ખાટડી ગામ ખાતે એક ખેતરમાં બનાવવામાં આવતો દેશી દારૂ અને તેને ટેલર દ્વારા સપ્લાય પણ કરવામાં । આવતું હોવાનું સામે આવ્યું છે અને આ ભઠ્ઠી ઉપર મોટો દરોડો પાડવામાં આવ્યો છે આરોપી ભાનુભાઈ બહાદુરભાઈ ગોવાળિયા પર છેલ્લા ૧૫ ગુના છે તેમાંથી ૧૨ ગુના પ્રોહિબિશન એક્ટ હેઠળ નોંધાયેલા છે.

જયુભાઈ ભોજાભાઈ ગોવાળિયા, રેસી-ખટાડી, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર (મુખ્ય આરોપી) ,અજીતભાઈ ભાભલુભાઈ ગોવાળિયો, રેસી. ખટાડી, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર (મુખ્ય આરોપીનો ભાગીદાર) , અમરદિપભાઈ શિવકુભાઈ ગોવાળીયા, રેસી. ખટાડી, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર (મુખ્ય આરોપીનો ભાગીદાર) , અનિલભાઈ ભાભલુભાઈ ગોવાળીયા રેસી-ખટાડી તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર (મુખ્ય આરોપીનો ભાગીદાર) , ભાનુભાઈ બહાદુરભાઈ ગોવાળીયા રેસી-ખટાડી તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર (ગોળ સપ્લાયર અને મુખ્ય આરોપીના ભાગીદાર) ,જીગાભાઈ લવકાભાઈ ભડાણીયા રેસી-ખટાડી તા. ચોટીલા જિ. સુરેન્દ્રનગર ,અલ્ટો કાર જીજે -૧૭-એન-૨૦૫૫ ના માલિક , સ્વિફ્ટ કાર એન્જિન નંબર ડી૧૩એ-૦૫૭૯૭૪૮ ના માલિક , મહેન્દ્ર બોલેરો પિકઅપ જીજે -૧૩-એડબલ્યુ-૪૩૪૫ ના માલિક ,મહેન્દ્ર બોલેરો પિકઅપ જીજે-૭-યુયુ-૪૧૦૧ ના માલિક , મહેન્દ્ર બોલેરો પિકઅપ એન્જિન નંબર એફએબી ૧૧૬૧૨૬૦ ના માલિક ,ટ્રેક્ટર જીજે-૨૬-એબી-૫૯૮૩ ના માલિક , હોન્ડા સ્પ્લેન્ડર બાઇક જીજે-બીજી ૫૧૫૧ ના માલિક ,મંગલુભાઈ ખાચર તાલુકો ચોટીલા રહે. ખટાડી જિ. સુરેન્દ્રનગર ,અજાણ્યો વ્યક્તિ - ૨, (દેશી દારૂ મેળવનાર) કબ્જે કરાયેલ દેશી દારૂ- ૨૫૧૫ લિટર/-કિંમત રૂ-૫,૦૩,૦૦૦ છે તથા દેશી દારૂ ધોવાનો જથ્થો- ૧૮,૪૦૦ રૂ-૪,૬૦,૦૦૦/ગોળ- ૧૮૦૦ કિલો રૂ-૧૮,૦૦૦ મોબાઇલ-૦૪ રૂ. -૧૬,૦૦૦/-ફાયવુડ- ૬૦૦ કિગ્રા રૂ-૯૦૦/-વાહન-૦૭ રૂ.-૧૩,૭૫,૦૦૦/- અને રોકડ જમ -૩૧,૭૦૦/-કુલ મુદ્દામાલ રૂ-૨૪,૦૬,૬૦૦ છે આરોપીઓને પીઆઈ ને સોંપવામાં આવ્યા છે જ્યારે સુરેન્દ્રનગર શહેરની પોલીસ તેમજ નવા આવેલા ડીએસપી સહિતના અધિકારીઓને ફરીવાર એસએમસી દ્વારા બરોડા પાડી અને તેમની કામગીરી સામે અનેક સવાલો હાલમાં ઉત્પન્ન થયા છે

# મોરબીમાં યુવતીને બ્લેકમેલ કરી ત્રણ લાખ પડાવ્યાઃ પિતાએ નોંધાવી ફરિયાદ

## પ્રેમસંબંધના ફોટા વાયરલ કરવાની ધમકી આપીને યુવતી પાસેથી રૂપિયા તથા મોબાઇલ પડાવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં માતાપિતા અને અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. મિત્રતા કે પ્રેમસંબંધની આડમાં કેટલાક તકસાધુ યુવકો બ્લેકમેલિંગનો રસ્તો અપનાવી દિકરીઓનું જીવન બરબાદ કરી નાખે છે અને સાથે સાથે માતાપિતાને પણ સમાજમાં નીચા જોવાપણું થાય તેવો માહોલ સર્જતા હોય છે, ત્યારે શહેરમાં આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં યુવતીને કોલેજકાળ દરમિયાન પ્રેમસંબંધમાં ફસાવી, ‘તકસાધુ’ યુવકે બાદમાં ફોટા અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. યુવતી પાસેથી કટકે કટકે બે લાખથી વધુ રૂપિયા તથા કિંમતી મોબાઈલ મેળવી લીધો હતો. યુવતીની સગાઈ નક્કી થયા બાદ પણ શખ્સ યુવતીને પરેશાન કરતો રહ્યો હતો. અંતે કંટાળી ગયેલ યુવતીએ પરિવારમાં વાત કરતા, યુવતીના પિતાએ મોરબી શહેર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

મોરબી શહેરમાં રહેતા પરિવારની ૨૫ વર્ષીય દીકરી સાથે બનેલ બનાવ મામલે પીડિતાના પિતા દ્વારા મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ડેનિશ મણીલાલ મુંદડીયા રહે. વિરપર તા.ટંકારા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે, જે ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદીની પુત્રી કોલેજમાં અભ્યાસ દરમ્યાન આરોપી ડેનીશ મુંદડીયા સાથે મિત્રતા વધતા તેમના વચ્ચે પ્રેમસંબંધ પાંગર્યો હતો. આ દરમિયાન આરોપીએ યુવતી સાથેના અંગત ક્ષણોના ફોટા મોબાઈલમાં પાડી લીધા હતા.આ દરમિયાન પરિવાર દ્વારા યુવતીની વેવિશાળ માટે અન્યત્ર વાતચીત શરૂ થઈ હોય, ત્યારે આરોપી યુવાને ફોટા વાયરલ કરવાની ધમકી આપીને સંબંધ ચાલુ રાખવા યુવતી ઉપર દબાણ કર્યું હતું. આરોપીએ ક્યારેક દસ હજાર તો ક્યારેક વીસ હજાર રૂપિયાની માંગણી કરી, યુવતીને મજબુર કરતા ભયના કારણે કટકે કટકે આશરે રોકડા રૂ. ૨ લાખ ઉપરાંત ભોગ બનનાર યુવતીએ પોતાના સગા વ્હાલા તથા પરિચિત પાસેથી ઉછીના લઈને રૂ. ૯૩,૨૧૯ નો મોબાઈલ ફોન પણ ખરીદ કરી આ યુવકને આપ્યો હતો. આમ આરોપીએ રોકડ તેમજ મોબાઈલ સહિત અંદાજે રૂ.૩ લાખનો મુદ્દામાલ પડાવ્યો હતો.આટલેથી પણ આરોપી અટક્યો ન હતો. તે સતત અલગ-અલગ નંબર પરથી કોલ અને મેસેજ કરીને યુવતીને પરેશાન કરતો તથા તેની સગાઈ તોડાવી નાખવાની પણ ધમકીઓ આપતો હતો. ત્યારે આખરે તમામ બાબતથી કંટાળી હતપ્રત થયેલ યુવતીએ માતાપિતાને વાત કરી હતી. ત્યારે યુવતીના પિતાએ કરેલ પોલીસ ફરિયાદના આધારે, સીટી એ ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ બ્લેકમેલિંગ, ધમકી તથા દબાણ કરીને રૂપિયા પડાવવાના ગુનાની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# રાજ્યકક્ષાની ''શ્રેષ્ઠ ગણેશ પંડાલ સ્પર્ધા''માં રાજકોટના આયોજકો ભાગ લઈ શકશેઃ વિજેતાને લાખો રૂપિયાના પુરસ્કાર

## મેજર ધ્યાનચંદના જન્મદિન - ''નેશનલ સ્પોર્ટ્સ ડે''ની ઉજવણી નિમિત્તે રાજકોટ જિલ્લામાં ૨૯થી ૩૧ ઓગસ્ટ સુધી વિવિધ સ્પોર્ટસ્ ઈવેન્ટ યોજાશેઃ કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશે માહિતી આપી






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી ગણેશ પંડાલ સ્પર્ધામાં રાજકોટના આયોજકો ભાગ લઈ શકશે. જ્યારે મેજર ધ્યાનચંદના જન્મદિન-નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે રાજકોટ જિલ્લામાં ત્રણ દિવસ સુધી વિવિધ સ્પોર્ટસ્ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશે આજે પત્રકારોને જણાવ્યું હતું કે, રાજ્યમાં ગણપતિ મહોત્સવ દરમિયાન ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા, શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતા-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટના ગણેશ પંડાલ આયોજકો ભાગ લઈ શકશે.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પત્રકાર પરિષદને સંબોધતા કલેક્ટરએ કહ્યું હતું કે, આ પ્રતિયોગિતા માટે આઠ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં મંડપ શણગાર, સામાજિક સંદેશ, ઈકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમાની પસંદગી, ઓપરેશન સિંદૂર - દેશભક્તિ, સ્વદેશી વસ્તુઓ અપનાવો જેવી થીમ, પંડાલ સ્થળની પસંદગી, સામાજિક સંદેશ વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવશે. સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતાને રૂ. ૫ (પાંચ) લાખ, દ્વિતીય ક્રમે વિજેતાને રૂ. ૩ લાખ તથા તૃતીય ક્રમના વિજેતાને રૂ. ૧.૫૦ લાખના પુરસ્કાર આપવામાં આવશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ગણેશ પંડાલના આયોજકો રાજકોટ મહાનગર પાલિકાની ત્રણ ઝોનલ ઓફિસ ખાતેથી, તા. ૨૨થી ૨૬ ઓગસ્ટ દરમિયાન કામકાજના દિવસો દરમિયાન નીચેના સ્થળેથી ફોર્મ મેળવી શકશે.

(૧) સાંસ્કૃતિક વિકાસ વિભાગ, રાજકોટ મહાનગર પાલિકા, સેન્ટ્રલ ઝોન ઓફિસ, ડૉ. આંબેડકર ભવન, ત્રીજો માળ, રૂમ નં.-૫, રાજકોટ., (૨) વેરા વસૂલાત વિભાગ, રાજકોટ મહાનગર પાલિકા, વેસ્ટ ઝોન ઓફિસ, હરિસિંહજી ગોહિલ ભવન, બિગ બજારની પાછળ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ., (૩) વેરા વસૂલાત વિભાગ, રાજકોટ મહાનગર પાલિકા, ઈસ્ટ ઝોન ઓફિસ, ઝવેરચંદ મેઘાણી ભવન, ભાવનગર રોડ, રાજકોટ.

તેમણે ગણેશ પંડાલ આયોજકોને આ સ્પર્ધામાં ભાગ લેવા અપીલ કરી હતી.

જિલ્લા કલેક્ટરએ અન્ય જાહેરાત કરતા જણાવ્યું હતું કે, મેજર ધ્યાનચંદજીના જન્મ દિવસ - ૨૯ ઓગસ્ટની નેશનલ સ્પોર્ટસ્ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે રાજકોટ શહેર-જિલ્લામાં ૨૯થી ૩૧ ઓગસ્ટ સુધી વિવિધ સ્પોર્ટસ્ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૮મી ઓગસ્ટે પ્રિ-ઈવેન્ટ સેલિબ્રેશન થશે. જેમાં રાજકોટના રેસકોર્સ રિંગરોડ પરના બહુમાળી ભવનથી લઈને બાલવાટિકા સુધી ડી.એલ.એસ.એસ.ના ૩૦૦ વિદ્યાર્થીઓ , પોલીસ બેન્ડ, એન.સી.સી. કેડેટ્સ તથા શાળાના છાત્રો દ્વારા પ્રિ-ઈવેન્ટ રેલી યોજવામાં આવશે.

તા.૨૯મી ઓગસ્ટે, ફીટ ઈન્ડિયાના શપથ લેવામાં આવશે અને રાજકોટમાં મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ-રેસકોર્સ ખાતે હોકીની ચાર મેચ યોજવામાં આવશે. જેમાં ચાર ટીમના ૪૪ સભ્યો ભાગ લેશે. દરેક શાળામાં પણ ખેલ-કૂદની સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓ થશે. રાજકોટ મહાનગરની ૯૩૪ શાળાઓ તથા જિલ્લાની અન્ય ૧૬૮૨ શાળાઓ મળીને કુલ ૨૬૧૬ શાળાઓના છાત્રો રમત-ગમતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

તા. ૨૯મી ઓગસ્ટે ખેલ મહાકુંભના રજિસ્ટ્રેશનની શરૂઆત થશે. જેમાં શહેરીજનો, જિલ્લાના નાગરિકો જાતે રજિસ્ટ્રેશન કરાવી શકશે. ઉપરાંત શાળા, કોલેજ, યુનિવર્સિટી દ્વારા પણ રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આ ખેલ મહાકુંભમાં ભાગ લેવા તેમણે નાગરિકોને અપીલ કરી હતી.

તા. ૩૦મી ઓગસ્ટે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વોલીબોલ, રસ્સા ખેંચની સ્પર્ધા રાખવામાં આવશે. જેમાં પોલીસ વિભાગ, કોર્પોરેશન વિભાગ, જિલ્લા પંચાયત તથા કલેક્ટર કચેરીની પુરુષ ટીમ અને મહિલા ટીમ એમ ચાર-ચાર ટીમો વચ્ચે સ્પર્ધા થશે.

તા. ૩૧મી ઓગસ્ટે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન અન્વયે રાજકોટ મહાનગર તથા નગરપાલિકા કક્ષાએ સાયકલ ઓન સન્ડેનું આયોજન કરવામા આવ્યું છે.

મહાનગર પાલિકા વિસ્તારના બહુમાળી ભવન ખાતેથી રેસકોર્સ રિંગરોડ ફરતે સાઇક્લોથોનનું આયોજન કરવામાં આવશે. જ્યારે છ નગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૫૦૦થી વધુ લોકો સાયકલ ઓન સન્ડેમાં ભાગ લેશે.

આ તકે રાજકોટ મહાનગર પાલિકાના કમિશનર તુષાર સુમેરા, ટ્રાફિક ડી.સી.પી. પુજા યાદવ, નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમ, જિલ્લા રમત વિકાસ અધિકારી રમા મદ્રા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ એસ.ટી. બસ પોર્ટ ખાતે ૭ એ.સી. બસને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવતા સાંસદ અને ધારાસભ્ય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એસ.ટી. બસ પોર્ટ ખાતે સાંસદ પુરુષોતમભાઈ રૂપાલા તેમજ ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાએ રાજકોટ એસ.ટી. વિભાગની નવીન ૭ એ.સી. પ્રીમિયમ લક્ઝરી બસને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ તકે મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. મહાનુભાવોએ શાસ્ત્રોક્ત વિધિથી બસનું પૂજન કર્યું હતું. તેમજ બસનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચના આપી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ એસ.ટી.ના વિભાગીય નિયામક શ્રી જે.બી.કલોતરા, ડેપો મેનેજર શ્રી એન.વી.ઠુમ્મર સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને મુસાફરો ઉપસ્થિત રહ્યાં હતાં.



મહાનુભાવોના હસ્તે લોકાર્પિત થયેલી ૭ બસથી ૧૬ ટ્રીપ અને ૪૦૪૬.૧૮ કિલોમીટરનું દૈનિક સંચાલન થવા પામશે. આ બસનું રાજકોટથી ભાવનગરનું ભાડું રૂ. ૩૦૪ (વાયા સરધાર, આટકોટ, બાબરા, ઢસા, સોનગઢ, સિહોર), રાજકોટથી ઉનાનું ભાડું રૂ. ૫૪૪ (વાયા વિરપુર, જુનાગઢ, કેશોદ, ગડુ, વેરાવળ, સોમનાથ, કોડીનાર) અને રાજકોટથી દીવનું ભાડું રૂ. ૫૭૯ (વાયા વિરપુર, જુનાગઢ, કેશોદ, ગડુ, વેરાવળ, સોમનાથ, કોડીનાર, ઉના) છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ૨૨થી ૨૮ ઓગસ્ટ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી

## વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય મૌસમ વિભાગના મૌસમ વિજ્ઞાન કેન્દ્ર-અમદાવાદ દ્વારા હવામાનની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જે મુજબ, રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૨થી ૨૮ ઓગસ્ટ સુધી ગાજવીજ અને હળવી આંધી સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

તા. ૨૨-૨૩ ઓગસ્ટે કચ્છમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી વ્યક્ત કરાઈ છે. જ્યારે રાજકોટ જિલ્લામાં વીજળીના ચમકારા સાથે ૩૦થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે તોફાન પવન ફુંકાઈ શકે છે.

તા. ૨૪-૨૫ ઓગસ્ટ દરમિયાન કચ્છ સાથે અમરેલી, ભાવનગર જિલ્લામાં પણ ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી વ્યક્ત કરાઈ છે. જ્યારે ૨૬મી ઓગસ્ટે કચ્છ, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી છે. તા.૨૭ ઓગસ્ટે કચ્છ, અમરેલી, ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની અગાહી કરાઇ છે.

જ્યારે ગીર સોમનાથ, બોટાદ, દીવમાં ભારે વરસાદની ચેતવણી છે. તા. ૨૮ ઓગસ્ટે સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ વિસ્તારોમાં, ખાસ કરીને જામનગર, મોરબી દ્વારકા જિલ્લામાં છૂટાછવાયા ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરાઈ છે.

# ટપાલ વિભાગનું કસ્ટમર ફ્રેન્ડલી ડિજિટલ પગલું

## એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજીનાં પ્રારંભથી ગ્રાહકો ક્યુઆર કોડથી ડિજિટલ ચૂકવણી કરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટપાલ વિભાગે ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ ઈન્ડિયા તરફ કસ્ટમર ફ્રેન્ડલી પગલું ભર્યું છે. રાજકોટ સહિત દેશભરની પોસ્ટ ઓફિસોમાં આઈ.ટી.૨-૦ એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજીનો પ્રારંભ કરાયો છે, જેથી પોસ્ટનાં ગ્રાહકો કોડથી ડિજિટલ ચુકવણી કરી શકશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન તેમજ સંચાર મંત્રી જ્યોતિર-આદિત્ય સિંધિયાના માર્ગદર્શનમાં એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજી (એપીટી)નો રાષ્ટ્રીય સ્તરે પ્રારંભ કરાયો છે.

આ ડિજિટલ અપગ્રેડેશન એ દેશભરના ૧.૬૫ લાખથી વધુ ટપાલ કચેરીઓમાં આધુનિકીકરણ તરફનું ઐતિહાસિક પગથિયું છે, જે ડિજિટલ ઈન્ડિયા અને મેક ઇન ઈન્ડિયાના સપનાને સાકાર કરે છે.

ગ્રાહકો હવે પોસ્ટ ઓફિસમાં ક્યુઆર કોડ સ્કેન કરીને યુપીઆઈ આધારિત ડિજિટલ ચુકવણી કરી શકશે, જેમાં સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટ, પાર્સલ, આંતરરાષ્ટ્રીય મેઈલ અને ઈલેક્ટ્રોનિક મની ઓર્ડર જેવી સેવાઓનો સમાવેશ કરાયો છે

**મુખ્ય વિશેષતાઓઃ** માઈક્રો-સર્વિસ અને ઓપન આધારિત આર્કિટેક્ચર, એકસમાન યુઝર ઈન્ટરફેસ, ક્લાઉડ-રેડી ડિપ્લોયમેન્ટ, બુકિંગથી ડિલિવરી સુધી સંપૂર્ણ ડિજિટલ સેવા, કોડ પેમેન્ટ, આધારિત ડિલિવરી વગેરે સેવાનો સમાવેશ થાય છે.

# રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ખાતે સૈનિકોના આશ્રિતોને વિનામૂલ્યે કાનૂની સહાયતા મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે રાજકોટ, મોરબી અને અમરેલી જિલ્લામાં વસવાટ કરતા સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો અને સદગત સૈનિકોના ધર્મપત્ની તથા તેમના આશ્રિતો માટે વિનામૂલ્યે કાનૂની સહાયતા મળી રહે, તે હેતુસર 'વીર પરિવાર સહાય-તા યોજના' અમલી છે. તેથી, સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો, સદગત સૈનિકોના ધર્મપત્ની તથા તેમના આશ્રિતોને કાનૂનને લગતા પ્રશ્નો હોય તો તે પોલીસ હેડક્વાર્ટર્સની સામે, રૂડા કચેરી પાસે, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રાજકોટ ખાતે સોમવાર, બુધવાર અને શુક્રવારે બપોરે ૨ કલાકથી સાંજના ૫ કલાક દરમિયાન સંપર્ક કરી શકે છે, તેમ રાજકોટ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીની યાદીમાં જણાવાયું છે.

# જસદણ-આટકોટમાં સાંઇ ક્લિનિક નામે ચાલતા બે દવાખાના સીલ

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ આટકોટમાં રસિક ભટ્ટ અને મેહુલ ભટ્ટ નામના બે ડોક્ટરના સાંઈ કલિનિક નામના દવાખાનાને આજે આરોગ્ય વિભાગએ વર્ષો પછી સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતાં લોકોમાં પણ આશ્ચર્ય ફેલાયું હતું સીલ મારેલ દવાખાનાંમાં વર્ષોથી દરરોજ હજજારો રૂપિયાની કમાણી થતી હતી ત્યારે વર્ષો પછી આરોગ્ય વિભાગની ઉંઘ ઊડતા લોકોમાં મોઢા એટલી વાતું થઈ રહી છે

જસદણ વિંછીયા તાલુકામાં આ પ્રકારના અનેક દવાખાનાઓ તે પણ કાયદેસર બોગસ ડૉક્ટર સાથે ચાલી રહ્યા છે તે પાશેરામાં પહેલી પુણી સમાન છે ત્યારે તેમની પર આરોગ્ય વિભાગ શા માટે લાજ કાઢી રહ્યાં છે એમ કાયદેસર પ્રેક્ટિસ ધરાવતાં ડૉક્ટરોમાં ચર્ચાઈ રહ્યું છે. જસદણ આટકોટમાં સીલ થયેલ દવાખાનામાં આરોગ્ય તંત્રએ ફકત ૧૪ હજારની કિંમતની દવા પકડી જાણે મોટો મીર માર્યો હોય એવો ડોળ કર્યો પરંતુ હજું જસદણ વીંછિયા પંથકમાં બોગસ ડૉક્ટર બોગસ દવાખાનાની સંખ્યા નાની નથી પણ આરોગ્ય તંત્રને નિયમિત પ્રસાદી પહોંચતી હોવાથી હરામખાયા કોઈ પણ પ્રકારની કામગીરી ન કરતાં હોવાથી ગરીબ અને અભણ પ્રજાનો ખો નીકળી રહ્યો છે દવાખાનાની સાથોસાથ બોગસ લેબોરેટરીઓ પણ ધમધમી રહી છે ત્યારે મસમોટો પગાર ખાતું આરોગ્ય વિભાગ લોકોના હિતમાં કોઈ હજું વધું પગલાં ભરશે કે કેમ? એવો સવાલ પ્રજામાં ચર્ચાઈ રહ્યો છે.

# નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત જનમંગલ પક્ષને જિલ્લા ચૂંટણી અધિકારીની કારણદર્શક નોટિસ

## જનમંગલ પક્ષને ૨૬મીએ સુનાવણીમાં હજાર રહેવા ફરમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના ચૂંટણી પંચે વર્ષ ૨૦૧૯થી છેલ્લા ૬ વર્ષમાં ચૂંટણી લડ્યા ન હોય અને તેમાંથી ઘણા પક્ષનું અસ્તિત્વ ન હોય તેવા નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષ (Registered Unrecognized Political Patrios)ની યાદી, તેઓને કારણદર્શક નોટીસ આપી, તેમને સાંભળવાની તક આપી, આવા રાજકીય પક્ષની નોંધણી ચાલુ રાખવી કે કેમ? તે અંગે કાર્યવાહી કરવા સૂચના આપી છે.

જે મુજબ જિલ્લા ક્લેક્ટર ડો. ઓમપ્રકાશે રાજકોટના જનમંગલ પક્ષને કારણદર્શક નોટિસ મોકલેલ છે. આ સાથે ૨૬મીએ સુનાવણીમાં હાજર રહેવા ફરમાન કર્યું છે. નોટિસ મુજબ જનમંગલ પક્ષની નોંધણી રદ કરવી કે ચાલુ રાખવા બાબતે જનમંગલ પક્ષ જે રજૂઆત કરવા માંગતા હોય, તે અંગેના જરૂરી આધાર-પુરાવા સાથે કલેક્ટર કચેરીમાં કલેકટરની ચેમ્બર ખાતે આગામી તા. ૨૭ ઓગસ્ટને બપોરે ૧૨ કલાકે પક્ષનાં જવાબદાર પ્રતિનિધિએ રજૂઆત કરવા બિનચૂક હાજર રહેવા જણાવાયું છે. જો પક્ષના જવાબદાર પ્રતિનિધિ રૂબરૂ હાજર નહીં રહે તો આ બાબતે જનમંગલ પક્ષે કશું કહેવાનું નથી તેમ માનીને રાજકીય પક્ષની નોંધણી રદ કરવાની દરખાસ્ત વડી કચેરીએ મોકલી આપવામાં આવશે.

જનમંગલ પક્ષે રૂબરૂ સુનાવણી સમયે પક્ષની નોંધણીના આધારો, પક્ષનું નોંધાયેલુ સરનામું, પક્ષનું હાલનું સરનામું, છેલ્લા ૦૩ નાણાકીય વર્ષમાં મેળવેલા ફાળાની વિગતો, પાછલી ચૂંટણી લડ્યા બદલ રજૂ કરેલો પક્ષનો ખર્ચ રીપોર્ટ, છેલ્લા ૦૩-નાણાકીય વર્ષના ઓડીટ રીપોર્ટ, પક્ષના હાલના હોદ્દેદારોની વિગત (નામ, સરનામું અને સંપર્કની વિગત), પક્ષની નોંધણી થયા બાદ આજ દિવસ સુધી પક્ષના કયા ઉમેદવાર, કયા વર્ષે, કઈ ચૂંટણીમાં અને કઈ બેઠક પરથી ચૂંટણી લડ્યા તેની વિગત રજૂ કરવાની રહેશે, તેમ જિલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર ડો. ઓમપ્રકાશની યાદીમાં જણાવાયું છે.

# ડબલિંગના કામના લીધે લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર કેટલીક ટ્રેનોનો સ્ટોપેજ અસ્થાયી રૂપે રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલિંગ ના કામના લીધે લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર કેટલીક ટ્રેનોનો સ્ટોપેજ ૨૩.૦૮.૨૦૨૫ થી લઈને ૩૦.૧૧.૨૦૨૫ સુધી અસ્થાયી રૂપે રદ કરવામાં આવ્યા છે. વિગતો નીચે મુજબ છે

**ટ્રેનોનો સ્ટોપેજ રદ**

લાખાબાવળ સ્ટેશન : ટ્રેન નં. ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ, ટ્રેન નં. ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ, ટ્રેન નં. ૫૯૫૫૨ ઓખા-રાજકોટ લોકલ અને ટ્રેન નં. ૫૯૫૫૧ રાજકોટ-ઓખા લોકલ તા. ૨૩.૦૮.૨૦૨૫ થી તા. ૩૦.૧૧.૨૦૨૫ સુધી લાખાબાવળ સ્ટેશને ઊભી રહેશે નહીં.

પીપળી સ્ટેશન : ટ્રેન નં. ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ અને ટ્રેન નં. ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ તા. ૨૩.૦૮.૨૦૨૫ થી તા. ૩૦.૧૧.૨૦૨૫ સુધી પીપળી સ્ટેશને ઊભી રહેશે નહીં.

# રાજકોટ શહેર પોલીસ દ્વારા યોજાઈ મેગા હેલ્મેટ રેલી








તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકોની સુરક્ષા અર્થે હેલ્મેટ પહેરવી ફરજિયાત છે. જે અંગે જાગૃતિ ફેલાવવા રાજકોટ શહેર પોલીસ દ્વારા આજે સવારે ૯:૩૦ કલાકે પોલીસ હેડ ક્વાર્ટરથી 'મેગા હેલ્મેટ રેલી' યોજાઈ હતી આગામી તા. ૦૮ સપ્ટેમ્બર, ૨૦૨૫થી સમગ્ર રાજકોટ શહેરમાં ટુ વ્હીલર વાહન ચાલકો માટે ફરજિયાત હેલ્મેટ પહેરવા અંગે રાજકોટ શહેર પોલીસ દ્વારા મેગા ડ્રાઇવ શરૂ થવાની છે, જે અંગે યોજાયેલી આ રેલી પોલીસ હેડ ક્વાર્ટરથી એન.સી.સી. ચોક, કિસાનપરા ચોક, કોટેચા ચોક, યુનિવર્સિટી રોડ, ઈન્દિરા સર્કલ, રૈયા ચોકડી, હનુમાન મઢી, આમ્રપાલી અન્ડરબ્રિજ, કિસાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, બહુમાળી ભવન થઈને પોલીસ હેડ કવાર્ટર ખાતે પરત ફરી હતી. આ રેલીને મેયર નયાનાબેન પેઢડીયા ધારાસભ્ય દર્શિતાબેન શાહ કલેક્ટર ઓમ પ્રકાશ તેમજ પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝાએ પ્રસ્થાન કરાવ્યું હતું પોલીસે યોજેલી આ રેલીમાં શહેરીજનો જોડાયા હતા

# રાજકોટના પ્રખ્યાત Ekasha મલ્ટી ડિઝાઈનર સ્ટોર દ્વારા ૨૫મીએ ગ્રાન્ડ બ્રાઈડલ ફેશન શો

## રાજકોટના ઈતિહાસમાં પ્રથમ વખત બ્રાઈડ અને તેના પરિવારના સભ્ય ફેશન શો નો ભાગ બનશેઃ દેશની ટોચની મોડલો શ્રેષ્ઠ બ્રાઇડલ કલેક્શન સાથે રેમ્પ ઉપર ઉતરીને આમંત્રિતોને કરશે મંત્રમુગ્ધ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

લગ્ન એ દરેક જીવનનું સૌથી પવિત્ર અને યાદગાર ક્ષણ છે. એક એવો દિવસ, જેની યાદો હંમેશા દિલમાં જીવંત રહે છે. દુલ્હા-દુલ્હન અને તેમનો પરિવાર આખી જિંદગી સપનાં જુએ છે કે પરિવાર નો લગ્ન પ્રસંગ અનોખો અને યાદગાર હોવો જોઈએ. આવા સપનાઓને સાકાર કરવા માટે રાજકોટનું પ્રતિષ્ઠિત Ekasha Multi-Designer Store દ્વારા રાજકોટના રેજન્સી lagun રિસોર્ટ ના બોલ રૂમમાં રાજકોટના ઈતિહાસમાં પ્રથમ વખત Ekasha Bridal Exhi-bition Fashion Show 2025 નું આયોજન કરવામાં આવ્યું છે.

આ શાનદાર આયોજન અંગે વિશેષ વિગતો આપતા ઇકાશા મલ્ટી ડિઝાઈનર સ્ટોરના ડાયરેક્ટર મિસિસ નીશા વડાલિયા એ જણાવ્યું હતું કે અમારા દ્વારા ક્યુરેટેડ Ekasha, રાજકોટના ફેશન જગતમાં એક ઓળખાયેલું નામ છે. અહીં માત્ર out-fits જ નથી, પરંતુ દરેક bride અને groom માટે પોતાની ઓળખ, પોતાની સ્ટોરી અને પોતાની લાગણીને વ્યક્ત કરતું બેસ્ટ આઉટફિટ મળે છે. Ekashaએ હંમેશાં નવતર, ક્રિએટિવિટી અને લક્ઝરી સાથે wedding lifestyleને redefine કર્યું છે અને રાજકોટને પણ નવી ઓળખ આપી છે.

૨૬ અને ૨૭ ઓગસ્ટે, રાજકોટના ekasha મલ્ટીડિઝાઈનર સ્ટોર નાના મૌવા ખાતે ભવ્ય બે દિવસીય બ્રાઇડલ એક્ઝિબિશન યોજાશે. અહીં દેશભરના જાણીતા ડિઝાઈનર્સ પોતાની શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરશે, જ્યાં દુલ્હા-દુલ્હન તથા તેમનો પરિવાર head-to-toe wedding solu-tions મેળવી શકશે. Stunning lehengasથી લઈને royal sherwa-nis સુધી અને luxurious jewellery થી modern accessories સુધી, દરેક ખૂણે સપનાઓ સાકાર થવાના છે. આ સાથે, કલાવર્ણી જવેલ્સ પોતાની અદ્દભૂત કલાત્મક અને બેનમૂન જવેલરી રજૂ કરશે જેમાં બીકાનરી સ્ટાઈલથી માંડીને પોલકી, મીનાકારી જવેલરી સુધી, જયાં પરંપરા અને આધુનિકતાનો સુન્દર મિલાપ જોવા મળશે.

Exhibition પહેલા, ૨૫ ઓગસ્ટે એક Exclusive Fashion Showનું આયોજન કરવામાં આવ્યું છે. ડાયરેક્ટર નિશા વડાલીયા જણાવે છે કે ફક્ત રજિસ્ટર્ડ brides grooms માટે જ હશે. અહીં ૨૦ મોડેલ્સ ramp પર લગ્નના દરેક પ્રસંગની કહાની રજૂ કરશે

ફેશન શો માટે રજીસ્ટ્રેશન તેમજ એક્ઝિબિશન ની વિશેષ માહિતી માટે ૯૯૦૯૯ ૦૨૦૦૫ પર કોલ કરીને પણ મેળવી શકાશે.

# અમદાવાદ ઘટનાને પગલે રાજકોટ સિંધી સમાજની જિલ્લા કલેકટરને રજુઆતઃ બાળકોની સલામતી સુનિશ્ચિત કરો

## સ્કૂલ મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ અને આરોપી વિરૂદ્ધ કડક પગલાં ભરવા માંગણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલ અંગ્રેજી માધ્યમની શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા સિંધી સમાજના વિદ્યાર્થીની ધોરણ-૮માં ભણતા વિદ્યાર્થી દ્વારા છરીના પા ઝીકી પાતકી હત્યા કરવાના બનાવને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી રાજકોટ સમસ્ત સિંધી સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી આ પાતકી હત્યાના બનાવમાં શાળાના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, જવાબદાર શિક્ષકો તેમજ આરોપી સામે કડક હાથે કામગીરી કરવાની સાથે શાળા-કોલેજમાં અભ્યાસ કરતા બાળકોની સલામતી સુનિશ્ચિત કરવા માંગ કરી હતી.

રાજકોટ સમસ્ત સિંધી સમાજના અગ્રણી જીતેશભાઈ પુનવાણીની આગેવાની હેઠળ વિશાળ સંખ્યામાં સિંધી સમાજના લોકોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવતા જણાવ્યું હતું કે, અમદાવાદના મણિનગરમાં આવેલ ૭ ડે ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં અભ્યાસ કરતા ૧૫ વર્ષીય નયન ગીરીશકુમાર સંતાણીની અન્ય વિદ્યાર્થીએ ઘાતકી હત્યા કરી નાખવાના બનાવ બાદ પણ શાળાના મેનેજમેન્ટ દ્વારા લોહીથી લથપથ નયનને સારવારમાં ન ખસેડી ભેદરકારી દાખવી છે ત્યારે આ ઘટનામાં જવાબદાર આરોપીની સાથે જ શાળાના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, શિક્ષકો સહિતના સામે કડક હાથે કાર્યવાહી કરી તમામ શાળા-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓની સલામતી-સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે તેવી માંગ ઉઠાવી હતી.

# પત્રકાર સાગર પરમારના પિતાનું દુખદ અવસાનઃ આજે સાંજે બેસણું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાણવડ નિવાસી ધનસુખભાઈ ખીમજીભાઈ પરમાર (ડી.કે. ઉ.વ.૬૨) તે સ્વ. કાંતિભાઈ, જ્યેન્દ્રભાઈ (જે.પી.), નરેન્દ્રભાઈ (લાલપુર) ના ભાઈ તેમજ સાગરભાઈ (રિપોર્ટર, આજકાલ, રાજકોટ), રવિભાઈ (આર.પી. એજન્સી)ના પિતાનું તા.૨૨-૮ના શુક્રવારે દુખદ અવસાન થયું છે. સદગતની સ્મશાન યાત્રા આજે સવારે ૧૦.૩૦ કલાકે તેમના નિવાસસ્થાન ઓમકાર ગ્રીન, સ્ટેશન રોડ, ભાણવડ ખાતેથી નીકળી હતી. સદગતનું બેસણું તા. ૨૨/૮ને શુક્રવારે સાંજે ૪ થી ૪-૩૦ વાંઝા દરજી સમાજની વાડી, કિલેશ્વર નાકા પાસે, ભાણવડ ખાતે રાખ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સરને ત્રાસ આપી મારી નાખવાની ધમકી આપનાર નામચીન શખ્સ ઝડપાયો

## ગુજસીટોકના આરોપી ઇમ્તિયાઝ સાથે સ્નેપ ચેટથી સંપર્ક થયા બાદ ફસાઇ હોવાના આક્ષેપઃ જન્નત મીરે પ્રેમ સંબંધ તોડી નાખતા આરોપીએ ધમકી આપી, ત્રાસથી સ્યુસાઇડનોટ લખી ફિનાઇલ પી ગઇ, અગાઉ પણ ઇન્સ્ટા સ્ટાર રાધાએ લાલાનાં ત્રાસથી આપઘાત કર્યાના આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સો.મીડિયા ઈન્ફલુએન્સર સમા ઉર્ફ જન્નત મીરે આપઘાતનો પ્રયાસ કર્યો છે. આગાઉ ગુજસીટોકના ગુન્હામાં જેલમાં રહેલા ઇમ્તિયાઝ ઉર્ફે લાલાએ પ્રેમસંબંધ દરમિયાન હેરાન કરતા તેની સાથે સંબંધ તોડી નાખતા આરોપીએ મારી નાખવાની ધમકી આપતા તેણીએ સ્યુસાઈડ નોટ લખીને ફિનાઈલ ગટગટાવી લેતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. અહીં તેણીએ આરોપી સામે આક્ષેપો કર્યા હતા કે અગાઉ તોફાની રાધા નામની ઈન્સ્ટાગ્રામ સ્ટારના આપઘાતમાં પણ આરોપીની સંડોવણી છે. હાલ પોલીસે ધમકીનો ગુનો નોંધી આરોપી ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ જંકશન મેઈન રોડ પર હંસરાજનગર શેરી-૨માં આવેલ સાગર એપાર્ટમેન્ટમાં રહેતી ૨૫ વર્ષીય સમા કમરૂભાઈ ભાયાણી (જન્નત મીર) દ્વારા પ્રધુમનનગર પોલીસ મથકમાં દૂધની ડેરી હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતા અને અગાઉ ગુજસીટોક સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ગયેલા આરોપી ઈમ્તિયાઝ ઉર્ફે લાલો ભીખુભાઈ રાઉમાં સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ચાર મહિના પહેલા હનન આરીફભાઈ ચાવડા (રહે. દૂધની ડેરી, કારકી મસ્જીદ પાસે) જે એનો માનેલો ભાઈ હોય તેના મારફતે ઈમ્તિયાઝની ઓળખાણ થઈ હતી. જે બાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો અને તે બે-ત્રણ મહિના ચાલ્યો. જોકે, ઈમ્તિયાઝ દારૂ પીને પરે આવવું, માથાકૂટ કરવી અને ગાળો આપવાના વર્તનને કારણે જન્નતે સંબંધ તોડી નાખ્યો હતો. સંબંધ તોડયા બાદ ઈમ્તિયાઝે જન્નત અને તેના પરિવારને હેરાન કરવાનું શરૂ કર્યું. તે અવાર-નવાર તેમના ઘરે આવીને માથાકૂટ કરતો અને છેલ્લા ૨૦ દિવસથી તેના મોબાઈલથી હનન આરીફભાઈ અને અહેમદ સુમરાના ફોન પર કોન્ફરન્સ કોલ કરીને ધમકીઓ આપતો હતો. તેણે જન્નતને કહ્યું હતું કે, 'મારી સાથે સંબંધ નહીં રાખે તો તને જાનથી મારી નાખીશ' અને તેમને ગાળો આપતો હતો. વધુમાં ગત તારીખ ૧૮/૦૮/૨૦૨૫ની રાત્રે ઈમ્તિયાઝ જન્નતના એપાર્ટમેન્ટ પર પહોંચ્યો હતો અને અહીં આતંક મચાવતાં બંને વચ્ચે ફોનમાં વાત થઈ હતી જેમાં ઈમ્તિયાઝ દ્વારા ફોન પર ધમકી આપવામાં આવી હતી કે, 'તું મારી સાથે સંબંધ રાખ, નહીં તો તને અને તારા પરિવારને શાંતિથી જીવવા નહીં દઉં.તું જ્યાં મળીશ ત્યાં તને જાનથી મારી નાખીશ.' ત્યારે આ ધમકીથી કંટાળીને જન્નત મીર દ્વારા બુધવારની રાત્રીના ફિનાઈલ ગટગટાવી લેતાં તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહીં તેણે ઈમ્તિયાઝ સામે આક્ષેપો કર્યા હતા કે, આરોપીએ તેણે રીબડા નજીક કારમાં માર માર્યો હતો અને તેનો મોંઘેરો મોબાઈલ પણ તોડી નાખ્યો હતો.

# વર્ધમાનનગરમાં સોપારી ઉધારમાં નહીં આપ્યાનો ખાર રાખી વેપારી ઉપર પાન-ફાકીના ધંધાર્થીનો હુમલો

## બાઈક ચાલક આધેડને રસ્તામાં આંતરી માર માર્યાની બે શખ્સ વિરૂદ્ધ ફરિયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વેપારીએ સોપારી ઉધારમાં નહીં આપ્યાનો ખાર રાખી પાનના ધંધાર્થી સહિત બે શખ્સોએ વેપારીને રસ્તામાં આંતરી માર માર્યો હતો. વેપારીને બચાવવા વચ્ચે પડેલા તેના પુત્ર પર પણ હુમલો કર્યો હોવાનું પોલીસ દફતરે ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ વર્ધમાન નગરમાં રહેતા વિપુલભાઈ રવજીભાઈ કણસાગરા નામના ૪૭ વર્ષના વેપારીએ ઉધારમાં સોપારી નહીં આપ્યા હોવાનો ખાર રાખી નકળંગ પાનના સંચાલક મહેશભાઈ સહિતના બે શખ્સોએ વિપુલભાઈ કણસાગરા પોતાના ઘર પાસેથી બાઈક લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે આંતરીક તુ સોપારી અમને નહીં આપે તો તને આજુબાજુમાં પણ સોપારી વેચાણ નહીં કરવા દઉ તેવુ કહી ગાળો ભાંડી ધમકી આપી હતી અને પાઈપ વડે માર માર્યો હતો. વેપારી વિપુલભાઈ કણસાગરાને બચાવવા વચ્ચે પડેલા તેના પુત્ર ઉપર પણ ઈંટોનો મારો ચલાવ્યો હતો. હુમલામાં પિતા-પુત્રને ઈજા પહોંચી હતી. આ અંગે વિપુલભાઈ કણસાગરાએ હુમલાખોર નકળંક પાનના સંચાલક મહેશભાઈ અને અજાણ્યા શખ્સ વિરુદ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# શિક્ષિકા સાથે વિશ્વાસઘાત રૂમ પાર્ટનરે કરી ૩૦ હજારની ચોરી

## પોલીસ સમક્ષ સમાધાન થવા છતા રૂપિયા નહીં ચુકવતા નોંધાઈ ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા ચોકડી, પાવનધામમ બી-૫૦૪માં રહેતી મૂળ મહારાષ્ટ્રની વતની અને શિક્ષિકા પ્રતિજ્ઞા રાજેન્દ્ર ચૌહાણ (ઉ.વ.૨૧) દ્વારા પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ચોરીની ફરિયાદમાં આરોપી તરીકે તેની રૂમ પાર્ટનર પ્રિયાંકા નિનામાનું નામ આપ્યું હતું. પ્રતિજ્ઞાબેને ફરિયાદમાં જણાવ્યું હતું કેહુંસમા હાઉસ, જંકશન પ્લોટ શેરી ને ૭ રાજકોટ ખાતે પી.જી.મા રહેતી હતી તથા જર્મન ભાષાની શિક્ષીકા તરીકે સૌરાષ્ટ ભરની સરકારી નિર્સિંગ કોલેજમા કામ કરું છુ.ગઇ તા.૦૪/૦૭ના રોજ હું સવારના ચારેક વાગ્યે મારી નોકરીના કામ સબબ ભાવનગર નિશિંગ કોલેજ ખાતે મારા લેક્ચર લેવા માટે ગયેલ હતી. અને હું મારા રુમ પરથી નિકળતી હતી ત્યારે મે મારા બેગમા મારા બધા કપડા ગોઠવેલ અને હું મારા વતનથી મારે લેપટોપ લેવાનું હતુ જે માટે રોકડા રુપીયા ૩૦,૦૦૦/-લાવી હતી.તે પણ ગણી ને બેગમા લોક મારીને મુકેલ હતા જેની એક ચાવી મારી પાસે હતી અને બીજી ચાવી મે રુમમા રાખેલ હતી. ત્યારબાદ તા ૦૫/૦૭ ના રોજ બીજે દિવસે હું ભાવનગર થી પરત આવી અને હુ મારા રુમે બીજા માળની છોકરીઓ સાથે બેઠેલ હતી ત્યારે તેઓએ મને જણાવેલ કે તમારી સાથે રુમમા રહેતી પ્રિયંકાએ કિંજલનુ સફેદ કલરનુ એપ્રોન પહેરેલ હતુ ત્યારે આ પ્રિયંકા એવુ કહેતી હતી કે આ એપ્રોન પ્રતિજ્ઞાનુ છે તેમ વાત કરેલ પરંતુ મારી પાસે તો એપ્રોન જ ન હોય જેથી મે ઉપર જઈ મારુ બેગ ચેક કરેલ તો તેમાથી મારા રોકડા ૩૦,૦૦૦/-, તથા મારો મેકઅપનો સામાન અને કપડામાં મારી બે કુર્તી ન હતી જેથી મે મારા મકાન માલિકને જાણ કરેલ અને પછી મે તથા મકાન માલીક મારી સાથે રહેતી પ્રિયકાનું બેગ ચેક કરેલ તો તેમાથી મારી કુર્તી તથા મારો મેકઅપનો સામાન આ પ્રિયંકાના બેગમાથી નીકળેલ બાદ મે તથા મકાન માલિકે તેને પુછેલ કે તે મારા પૈસા લિધેલા છે? તો તેને ના કહેલ. પછી મે ૧૦૦ નંબરમા ફોન કરી પોલીસ બોલાવેલ અને અમો બંને પોલીસ સ્ટેશન આવેલ. અને ત્યાર-બાદ આ બાબતે અમારે સમાધાન થયેલ અને આ પ્રિયંકા નીનામા એ મને મારા લિધેલ પૈસા આપી દેશે તેવુ જણાવેલ તો મે તેને હા કહી અને અમો પ્ર.નગર પોલીસ સ્ટેશન થી નિકળી ગયા હતા.ત્યારબાદ અત્યાર સુધી અમને એમ લાગતુ હતુ કે આ પ્રિયંકા નીનામા મારા લિધેલા પૈસા આપી દેશે પરંતુ તેમણે પૈસા ન આપતા આ મામલે ફરિયાદ નોંધાવી હતી.

# સાપરાધ મનુષ્યવધના ગુનામાં કોન્ટ્રાક્ટરના આગોતરા જામીન મંજુર કરતી કોર્ટ

## નવનિર્મિત બિલ્ડીંગમાં લાદીકામ કરતી વખતે ૧૩માં માળેથી નીચે પટકાયેલા શ્રમિકનું મોત નિપજતા ગુનો નોંધાયો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગર વિસ્તારમાં આવેલ માતૃમેરીગોલ્ડ બિલ્ડીંગમાં લાદીકામ કરતો શ્રમિક યુવાન ૧૩માં માળેથી નિચે પટકાતા મોત નિપજ્યુ હતું. જે અંગે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ બેદરકારી અને સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. કોન્ટ્રાક્ટરે પોલીસ ધરપકડની દહેશતે કરેલી આગોતરા જામીન અરજી કોર્ટે મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં આવેલ રેલનગર વિસ્તારમાં માતૃ મેરીગોલ્ડ બિલ્ડીંગમાં લાદીકામ કરતો શ્રમિક યુવાન ૧૩માં માળેથી અકસ્માતે નિચે પટકાતા મોત નિપજ્યુ હતું. જે અંગે મૃતક યુવકના પિતા રમેશભાઈ મોહનિયાએ પ્રનગર પોલીસ મથકમાં બિલ્ડીંગના કોન્ટ્રાક્ટર તેજસ રમેશભાઈ પાણખાણીયા વિરુદ્ધ બેદરકારી અને સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. જે કેસમાં પોલીસ ધરપકડની દહેશતે કોન્ટ્રાક્ટર તેજસભાઈ પાણખાણિયાએ પોતાના વકીલ મારફ્ત કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા પર આવતા બન્ને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચૂકાદા ધ્યાને લઈ કોર્ટે કોન્ટ્રાક્ટર તેજસ પાણખાણીયાની આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ દિવ્યરાજસિંહ ઝાલા, મયંક જોશી અને રૂત્વિક સિંગલ રોકાયા હતાં.

# શહેરમાં જુદા જુદા બે સ્થળે બે યુવાને આર્થિક ભીંસથી કંટાળી કર્યા આપઘાતના પ્રયાસ

## એક યુવાને ટ્રેક્ટરનો હપ્તો ચડી જતાં અને બીજાએ કામ ધંધો નહીં મળતા ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ બે યુવાને આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી આપઘાતના પ્રયાસ કર્યા હતાં. બન્ને યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે ની મળતી વિગત અનુસાર રાજકોટમાં માલધારી ફાટક પાસે આવેલ ગુલાબનગરમાં રહેતા પ્રવિણ ભીખાભાઈ ખરેત નામનો ૨૩ વર્ષનો યુવાન રાત્રીના અગિયાર વાગ્યાના અરસામાં રામાપીર ચોકડી પાસે હતો ત્યારે



ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પ્રવિણ ખરેત પાંચ ભાઈ બે બહેનમાં મોટો છે અને તેને સંતાનમાં એક પુત્ર છે. યુવાને નવું ટ્રેક્ટર લીધું છે પરંતુ ધંધો નહીં ચાલતાં રૂપિયા ૩૦ હજારનો છેલ્લો હપ્તો ચુકી

જતાં આર્થિક સંકળામણથી વખ ઘોળ્યું હોવાનું જાણવા મળ્યું છે. બીજા બનાવમાં રાજકોટમાં રૈયાગામમાં રહેતાં ઈરફાન અબ્દુલભાઈ પટેલ નામના ૩૮ વર્ષના યુવાને રાત્રીનાં સમયે અટલ સરોવર નજીક હતો ત્યારે કામધંધો નહીં મળતાં બેકારી અને આર્થિક ભીંસથી કંટાળી ઝેરી દવા પી લીધી હતી. ઈરફાન પટેલને ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આપઘાતનો પ્રયાસ કરનાર યુવાન બે ભાઈ એક બહેનમાં મોટો અને તેને સંતાનમાં બે પુત્ર છે. ઈરફાન પટેલ છુટક મજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધો.૧૧ના છાત્રએ પેટના દુઃખાવાથી કંટાળી એક સાથે ૧૦ ગોળી પી લેતા તબિયત લથડી

## સ્કૂલમાં જવાનું અગત્યનું હોવાથી દુખાવો મટાડવા સગીરે દવા પીધી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં યુવાને સ્કૂલે જવા પેટનો દુખાવો મટાડવા દવાના વધુ પડતાં ટીકડા ખાઈ લેતાં સારવાર માટે દાખલ કરવો પડયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં મુળ બાબરા પંથકનો વતની અને હાલ રાજકોટમાં કૌટુંબીક ભાઈ સાથે રૂમ રાખી ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરતાં સગીરને પેટમાં દુખતું હતું પરંતુ સ્કૂલે જવું અગત્યનું હોવાથી સગીરે પેટનો દુઃખાવો મટાડવા માટે પેરાસીટામોલની એક સાથે ૧૦ ગોળી ખાઈ લીધી હતી. સગીરની તબિયત લથડતાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ, બાબરા પંથકનો વતની અને હાલ રાજકોટમાં અંકુર મેઈન રોડ પર આવેલ સ્વામીનારાયણ ચોકમાં રહેતો ૧૬ વર્ષનો સગીર બપોરના બે વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે પેરાસીટામોલની ૧૦ ગોળીઓ એક સાથે ખાઈ લીધી હતી. સગીરની તબિયત લથડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરતાં માલવીયાનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. માલવીયાનગર પોલીસે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા સગીરની પુછપરછ કરી તેનું નિવેદન નોંધ્યું હતું.

પ્રાથમિક પુછપરછમાં સગીર મુળ બાબરા પંથકનો વતની છે અને હાલ રાજકોટમાં કૌટુંબીક ભાઈ સાથે રૂમ રાખીને ધો.૧૧ સાયન્સમાં અભ્યાસ કરે છે. સગીરને પેટમાં દુઃખતું હતું. પરંતુ સ્કૂલે જવું અગત્યનું હોવાથી પેટનો દુઃખાવો મટાડવા એક સાથે દવાની ૧૦ ગોળીઓ ખાઈ લેતાં તબિયત લથડી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીવંતિકાનગરમાં માનસિક બિમારથી ત્રસ્ત પ્રૌઢાએ જાત જલાવી કર્યો આપઘાતનો પ્રયાસ

## મહિલા પેટના ભાગે દાઝી જતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયારોડ જીવંતિકાનગરમાં રહેતા માનસિક બિમાર મહિલાએ કેરોસીન છાંટી જાત જલાવી લેતા પેટના ભાગે દાઝી જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જાણવા મળતી વિગત મુજબ રૈયારોડ પર જીવંતિકાનગર શેરી નં.૧/૩માં રહેતા ભારતીબેન રાજેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫)નામના મહિલા આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે જાતે સાડી પર કેરોસીન છાટી સાડીનો છેડો ચૂલામાં નાખી જાત જલાવી લેતા તેઓ પેટના ભાગે ગંભીર રીતે દાઝી ગયા હતા. જેથી તેમને સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ભારતીબેનના પતિ દરજી કામ કરતા હોવાનુ અને ભારતીબેનને છેલ્લા છ વર્ષથી માનસિક બિમારી હોય જેની દવા પણ ચાલુ છે. માનસિક બિમારીના કારણે આ પગલું ભર્યાનુ પરિવારજનો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ મહિલાનુ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# પરિણીતાએ મેળામાં જવાની જીદ સાથે કર્યો આપઘાતનો પ્રયાસ

## રાજકોટ અને મોરબીના મેળામાં જઇ આવ્યા છતાં ત્રીજી વખત ફરવા જવું'તું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ લાલપરી વિસ્તારમાં રહેતી પરિણીતાને તેનો પતિ રાજકોટ અને મોરબીના મેળામાં ફરવા લઈ ગયો હતો તેમ છતાં પરિણીતાએ ત્રીજી વખત રાજકોટના મેળામાં ફરવા જવાની જીદ સાથે જવલનશીલ પ્રવાહી પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર પરિણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ શહેરમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે આવેલ લાલપરી શેરી નંબર પાંચમાં રહેતી પૂજાબેન કુલદીપભાઈ સોલંકી નામની ૧૯ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે રાત્રીના એકાદ વાગ્યાના અરસામાં વાસણ સાફ કરવાનું લિક્વિડ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કારતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. બી ડિવિઝન પોલીસે હોસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલી પૂજાબેન સોલંકીની પૂછપરછ કરી નિવેદન નોંધ્યું હતું.

પ્રાથમિક તપાસમાં પૂજાબેન સોલંકીના પતિ ફુલદીપભાઈ સોલંકી ઈમિટેશનનું કામ કરે છે છે ફુલદીપ સોલંકી પરની પૂજાબેન સોલંકીને રાજકોટના મેળામાં ફરવા લઈ ગયો હતો અને આઠમના દિવસે દંપતી મોરબી ગયું હતું. ત્યાં મોરબી યોજાતા મેળામાં દંપતિ ફરવા માટે ગયું હતું અને મોરબીથી પરત રાજકોટ આવ્યા બાદ પૂજાબેન સોલંકીએ ત્રીજી વખત રાજકોટના મેળામાં ફરવા જવાની જીદ કરી હતી જેથી પતિ કુલદીપ સોલંકીએ મેળામાં જવાની ના પાડતા પૂજાબેન સોલંકીએ મેળામાં ફરવા જવાની જીદ સાથે જવલનશીલ પ્રવાહી પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બાબરા પાલિકામાં ભ્રષ્ટાચાર મુદ્દે અવાજ ઉઠાવનાર 'આપ'ના પ્રમુખ દારૂ પીધેલા ઝડપાયા

## પાલિકા પ્રમુખ સહિતના આગેવાનોએ રંગે હાથ પકડ્યાઃ આપ પ્રમુખ જાતે પોલીસ સ્ટેશને પહોંચ્યા

**મુખ્ય સમાચારા, બાબરા**

બાબરા શહેરમાં ભાજપે વિરોધ કરનાર આમ આદમી પાર્ટીની દુખતી રગ પકડી છે. નગર પાલિકાના ભ્રષ્ટાચાર મુદ્દે અવાજ ઉઠાવનાર 'આપ'ના શહેર પ્રમુખને ભાજપે દારૂ પીતા પકડી લીધા હોવાના કિસ્સાએ ભારે ચકચાર મચાવી છે.

બુધવારે બપોર ૧૨.૩૦ કલાકે આમ આદમી શહેર પ્રમુખ કૌશિક ભરાડ કોઈ સ્થળે વિદેશી દારૂની મહેફિલ માણતા હોવાની માહિતી આધારે નગર પાલિકા પ્રમુખ પ્રવીણ કરકર, સદસ્ય અશ્વિનભાઈ મકવાણા અને ધર્મ ન્દ્રભાઈ વાવડીયા સહિતે ત્યાં - પહોંચી અને તેમના - વિડીઓ ઉતારી - પોલીસ મથક માં - જાણ કરી હતી જયારે -પોલીસને - પહોચવામાં મોડું થતા કૌશિક ભરાડ સૌ કોઈની સાથે પોલીસ મથકે પહોંચી પોતે કેફી પીણું પીધું હોવાની કબુલાત આપી હતી. જ્યારે પોલીસે તેમને પીધેલી હાલતમાં પોલીસ મથકમાં આવતા ઝડપી પાડયાની ફરિયાદ નોંધી છે. શહેર આમ - આદશીના કાર્યકરોના જણાવ્યા મુજબ કૌશિક ભરાડ છેલ્લા કેટલાક



વખતથી ભાજપ નગરપાલિકામાં ચાલતા ગેર વહીવટ મુદ્દે સોશિયલ મીડિયા વિડિઓ ફોટો નિવેદન મુકતા હોવાથી ભાજપી સદસ્યો પોતાની આબરૂ બચાવવા અને પોતાનો માનસીક બદલો લેવા આપ પ્રમુખ સામે ફરિયાદ નોંધવા પોલીસને ફરજ પાડી - હતી અને આપ પ્રમુખે પોતે કેફી પીણું - પીધું હોવાની - કબુલાત આપી છે. નગરપાલિકા પ્રમુખ પ્રવિણ કરકરનો સંપર્ક સાધતા તેમના જણાવ્યા મુજબ અમો સદસ્યો સાથે કરીયાણા રોડ ખાતે સફાઈ કામગીરી મુદ્દે મુલાકાતે કુલી ગયેલા ત્યારે કોઈ અજાણ્યા માણસના મકાનમાં બેસી આમ આદમી પ્રમુખ દારૂ પીતા હોવાથી પોલીસમાં જાણ કરેલી હતી પરંતુ પોલીસ આવવામાં વાર લગતા અમે પોલીસ મથકમાં સાથે આવેલા હતા અને તેમના કબ્જામાંથી ૨૦૦ એમ.એલ દારૂનો કબજો મેળવ્યો હતો.

# બહેનને ત્રાસ આપવા બાબતે ઠપકો આપતા સાળા પર બનેવીએ છરી વડે હુમલો કર્યો

## હુમલામાં ઘવાયેલા યુવકને સારવારમાં ખસેડાયો, પોલીસ તપાસ જારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર નવી કોર્ટ નજીક યુવક પર તેના સગા બનેવીએ છરીથી હુમલો કર્યો હતો. બે મહિના પહેલાં બહેનને ત્રાસ આપવા બાબતે બનેવીને ઠપકો આપ્યો હોય તેનો ખાર રાખી હુમલો કર્યો હતો.

હુમલા બાદ આરોપી નાસી ગયો હતો. બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વધુ વિગતો મુજબ, જામનગર રોડ પર એફસીઆઈ ગોડાઉનની પાછળ રહેતા અને માર્કેટિંગ થાર્ડમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં મયૂરસિંહ વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૪૫) એ યુનિવર્સિટ એ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના બનેવી અંકલેશ્વર રહેતા વીરભદ્રસિંહ કેશુભા ઝાલાનું નામ આપ્યું હતું. મયૂરસિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના મોટા બહેન ધર્મિષ્ઠાબાને તેના પતિ ના વીરભદ્રસિંહ ઝાલા નજીવી બાબતે અવારનવાર ત્રાસ આપતા હોય બે મહિના પૂર્વે મયૂરસિંહે તેના બનેવી વીરભદ્રસિંહને ફોન કરી શા માટે ત્રાસ આપો છે તેમ કહી ઠપકો આપતા સાળા બનેવી વચ્ચે બોલાચાલી થઈ હતી.

જેનો ખાર રાખી મંગળવારે રાત્રે સાડા અગિયારેક વાગ્યે વીરભદ્રસિંહે તેના સાળા મયૂરસિંહને ફોન કરીને નવી કોર્ટ પાસે બોલાવ્યા હતા. મયૂરસિંહ તેના સાળા સહિતનાઓ સાથે નવી કોર્ટ પાસે પહોંચ્યા હતા ત્યારે તેના બનેવી વીરભદ્રસિંહે ગાળો ભાંડી હતી અને હું તારા એરિયામાં આવ્યો છું, તારાથી કંઈ ન થાય તેમ કહી મયૂરસિંહને છરીના બે ઘા ઝીંકી દીધા હતા.

હુમલો કરી વિરભદ્રસિંહ નાસી ગયો હતો અને હુમલામાં ઘવાયેલા મયૂરસિંહને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# રાજકોટ જિલ્લા પોલીસ વડા અને શહેરમાં બે ડીસીપીએ ચાર્જ સંભાળ્યો







ડીસીપી ઝોન-2 રાકેશ દેસાઈ

## સાબરકાંઠા અને ડાંગ-અહવાના એસપી તરીકે બદલી પામેલા પાર્થરાજસિંહ ગોહિલ અને પૂજા યાદવને વિદાયમાન અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ૧૧૫ આઈપીએસ અધિકારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. ત્યારે ઝોન-૨ ડીસીપી જગદીશ બાંગરવાએ કાઈમ બ્રાંચના ડીસીપી અને આઈબીમાંથી આવેલા રાકેશ દેસાઈએ ડીસીપી ઝોન-૨ નો ચાર્જ સંભાળ્યો હતો. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના ૩૫મા જડ તરીકે વિજયસિંહ ગુર્જર પણ બિરાજમાન થયા છે. જ્યારે સાબરકાંઠા અને ડાંગ-અહવાના એસપી તરીકે બદલી પામેલા પાર્થરાજસિંહ ગોહિલ અને પૂજા યાદવને વિદાયમાન અપાયું હતું.

મુળ બનાસકાંઠાના વતની રાકેશ દેસાઈ પોલીસ વિભાગમાં ડીવાયએસપીની સીધી ભરતીમાં પસંદગી પામ્યા બાદ ડીવાયએસપી તરીકે રાજકોટના ગોંડલમાં ફરજ બજાવી ચુક્યા છે ત્યારબાદ તેઓ ભચાઉ ડીવાયએસપી તરીકે ફરજ બજાવી છે. ત્યારબાદ તેમને આઈપીએસ અધિકારી તરીકેની બઢતી મળતાં તેઓ આઈબીના એસપી તરીકે ગાંધીનગર ખાતે છેલ્લા ઘણા વખતથી ફરજ બજાવતાં હતાં. તાજેતરમાં થયેલા બદલીના હુકમમાં તેમને આઈબીના એસ.પી.માંથી રાજકોટ ઝોન-૨ ડીસીપી તરીકે પોસ્ટીંગ આપવામાં આવતાં આજે સવારે તેઓ ચાર્જ લેવા માટે રાજકોટ આવી પહોંચ્યા હતાં. ઝોન-૨ ડીસીપી જગદીશ બાંગરવા પાસેથી રાકેશ દેસાઈએ ચાર્જ સંભાળ્યો હતો. ડીસીપી ક્રાઈમ તરીકે બદલી પામેલા જગદીશ બાંગરવાએ ડીસીપી ઝોન-૨ નો ચાર્જ સોંપ્યા બાદ ડીસીપી ક્રાઈમનો ચાર્જ સંભાળ્યો હતો. તેમજ સાબરકાંઠા અને ડાંગ-અહવાના એસપી તરીકે બદલી પામેલા કાઈમ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ અને ટ્રાફિક ડીસીપી પૂજા યાદવને વિદાયમાન અપાયું હતું.

આ ઉપરાંત રાજકોટ જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની અમદાવાદ આર્થિક ગુના નિવારણ સેલમાં બદલી થતા તેમના સ્થાને સુરત ઝોન-૪ના ડીસીપી વિજયસિંહ ગુર્જરને પોસ્ટીંગ અપાયું હતું. ત્યારે રાજકોટ જિલ્લાના ૩૫માં એસપી તરીકે વિજયસિંહ ગુર્જરે ચાર્જ સંભાળ્યો હતો. ચાર્જ સંભાળતાની સાથે જ તેમણે જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થાની બાબતે ચર્ચા કરી હતી.